



: માસિક :

તંત્રીઓ:- પંડિત છબીલદાસ કેસરીચંદ સંઘવી.
શ્રી. ભદ્રીકલાલ જીવાભાઈ કાપડીઆ

વર્ષ ૩જું
અંક ૪

પ્રેરક : મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી

સં. ૨૦૧૮ મહા
સળંગ અંક ૨૮


529

# ચિંતન કણિકાઓ

ઉપાશ્રય એ સગપણ કે સંસારની વાતો કરવાનો ચોરો નથી; મોક્ષ ગયેલા આત્માઓનું એ તો અમર સ્મારક છે....

*

દેરાસર એ અલંકાર કે ફેશનેબલ કપડાં બતાવવાનો પ્રદર્શન હોલ નથી, મુક્તિની સાધના માટેનું એ તો સાધનાસદન છે....

*

કેસર એ ભગવાનના માથાના દુઃખાવા માટેનો લેપ નથી; સંસારને ખતમ કરવાનું એ તો અફીણ છે....

*

પૂજા એ પ્રતિમાના અંગે કેસરના લપેડા કરવાની ક્રિયા નથી; ખુદ વીતરાગ બનવાની મહાન પ્રક્રિયા (પ્રયોગ) છે. એ તો....

*

પ્રતિમા એ કોઈ માત્ર શિલ્પનું પૂતળું નથી; એ તો જીવનની સાધનાનું પવિત્ર પ્રતીક છે.....

*

श्री कैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि 382009

1936 3425



જિંદગી બોલી રહી હતી :–'મોત! તારો હું કેટલો આભાર માનું? તારી સોડમાં હું સૂઈ જઉં છું ને મારા હૈયાની બધી બળતરા ને જીવન આખાના તમામ કલેશ, કંકાસ હું ભૂલી જઉં છું. ને જ્યારે એ ચૂંથાયેલા કપડાં ખંખેરી હું ઊભી થઉં છું ત્યારે એક નવી જ તાઝગીથી, એક નવા ઉમંગથી હું મારી યાત્રા શરૂ કરું છું.

મારા પ્રિય મોત! તારું એ ઋણ હું કયારે વાળીશ?....

*

પુરુષ સ્ત્રીને રમકડુ માનીને રમાડે, વહાલ કરે ત્યાં સુધી મને વાંધો નથી. પણ એ ગુસ્સામાં એ રમકડું ફેંકી દે. એની જિંદગીને તોડી ફોડી નાંખે એ તો હું જરાય બરદાસ્ત ન કરી લઉં....

*

દેવતા! મારા તારી એ ઇચ્છા હશે તો હું ગુલામી પણ સ્વીકારી લઇશ પણ જો તું મારો સત્તાધીશ બને તો....

*

મેં તો સ્વતંત્રતાની યાતનાઓ માંગી હતી. સ્વચ્છંદતાનું સુખ નહિ....

*

ભૂખ એ તો ભારેલો અગ્નિ છે. એ કયારે ભભુકી ઊઠે એનો વિશ્વાસ નહિ....

*

કૃષ્ણ મર્યા છે. દુર્યોધન–દુઃશાસન નહિ. આજ કંઇક દ્રોપદીના ચીર ખેંચાય છે.

*

આશાની કબરનું નામ છે નિરાશા.

*

મેં ન્યાય માગ્યો હતો પણ મને તો કાયદાની વ્યાખ્યા જ મળી....

*

તારે પ્રેમ ને ક્રાંતિનો યજ્ઞ કરવો છે? તો ખુશીથી કર. મને વાંધો નથી. પણ સાબદો રહેજે. એ યજ્ઞ પહેલા તારી જ આહુતિ માંગશે....

*

જ્યારે જ્યારે મારા હૈયે બળતરા થઈ છે. જ્યારે જ્યારે મારું કાળજુ શેકાયું છે અને મને ખુદ મારા જીવન પર તિરસ્કાર છૂટયો છે ત્યારે ત્યારે એ આંસુએ જ મારા હૈયાને પંપાળ્યું છે. ખરેખર! મારી જિંદગીને એના જેટલું વહાલ કોઇએ નથી કર્યું. સાચું કહું? હું તો આંસુના પ્રેમમાં છું.

કારણુ આંસુ એ તો માનવજીવનનાં સહૃદય સાથીદાર છે....

*

બંદુકની કાતીલ ગોળીનો મને જરાય ડર નથી. હું તો ડરું છું પેલા બે રૂપાળા, નાજુક પરવાળા જેવા હોઠના અવનવા પ્રયોગથી!.... કારણ મને ખબર છે કે સ્ત્રીના એ બે વિલાસી હોઠોએ કંઇક જિંદગીને ઘાયલ કરી છે....

—મૃદુલ

પહાડ એ તો સાધકનું અણમોલ પ્રતીક છે.




(ભૂમિકા)

હરેક ધર્મને એનો જમાનો હોય છે. એ જમાનાને તેની એક માંગ હોય છે. એ હરેક જમાનાને તેનું કાર્ય હોય છે. તેની એક મહત્ત્વની અંજલી હોય છે.

યહુદીઓના પાખંડને પડકારવા માટે ઈસુએ ભેખ લીધો. ઇશ્વર કડક ન્યાયાધીશ નથી પરંતુ એ પાલક પિતા છે. ઈશ્વરના પિતૃત્વની સ્થાપના, માનવતાનો વિચાર એ તેના યુગનું કાર્ય હતું. યુગ બદલાયો. લ્યુથરે પોપ સામે જેહાદ જગાવી. અને પોપના પાપોનો પડકાર કર્યો. ધર્મની સાફસુફી એ તેના યુગનું કાર્ય હતું.

વેદના યુગનું કાર્ય જુદુ હતું. રામના યુગનું કાર્ય જુદુ હતું. શંકરાચાર્યનો યુગ પણ જુદો હતો. અને આજે પણ હિંદુ ધર્મનું યુગકાર્ય જુદુ જ છે.

જમાનાની માંગ પ્રમાણે હરેક ધર્મના ધુરંધરોએ ફેરફાર કરી તે તે ધર્મને અદ્યાપી પર્યંત જીવંત રાખ્યો છે. અને જેણે તેમ નથી કર્યું તે ધર્મ નામશેષ થઈ ગયો છે.

જમાનાની (યુગની) હાકલને હરેક ધર્મે વધાવી છે. આપણો જૈનધર્મ પણ તેમાંથી બાકાત નથી જ. ભ. પાર્શ્વનાથના સમયમાં જૈનધર્મનું જે સ્વરૂપ હતુ તે મહાવીરે તેમના કાળમાં એ સ્વરૂપ બદલ્યું હતું. તેનું નવસંસ્કરણ કર્યું હતું. એ દૂરનો ઇતિહાસ મુકી નજદિકનો ઇતિહાસ જોઇએ. ગુજરાતની સાહિત્ય માગને પૂરી કરવા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પોતાનું આખું જીવન સાહિત્ય સાધનામાં નીચોવી નાખ્યું હતું. અને ધર્મની રક્ષા કરવા માટે સાધુ વેષ ફગાવીને જંગે ચડનાર કાલિક–સૂરિની કથા સૌ કોઈ જાણે છે. જમાનાની માંગને પૂરી કરી એમણે માત્ર સાધ્વી શ્રી સરસ્વતી એકલીને જ નહિ પરંતુ આખાય જૈન ધર્મનો ઉધ્ધાર કર્યો હતો. યુગના પડકારને પીછાની શ્રી હેમચંદ્રાચાર્યે જૈન ગુજરાત સર્જ્યું હતું.

ક્યારેક બધું છોડીને ચારિત્ર્યનો સ્વીકાર એ યુગકાર્ય હતું. ક્યારેક ધર્મની રક્ષા માટે બલિદાન એ યુગકાર્ય હતું. ક્યારેક ધર્મની પ્રતિષ્ઠા માટે સાહિત્યસર્જના એ યુગકાર્ય હતું. ક્યારેક જનતાને ધર્મ ભણી ખેંચી સ્થિર કરવા માટે મંદિરોની સ્થાપના, જુના મંદિરોનો ઉધ્ધાર, તેના ઉત્સવો એ યુગકાર્ય હતું. શાસનસમ્રાટ્ શ્રી નેમિસૂરીશ્વરજી મ. સાહેબે આવા અનેક જિનાલયો ઊભા કર્યાં છે. જુનાનો ઉધ્ધાર કર્યો છે. ક્યારેક ધર્મને સમજાવવાનું, જમાના પ્રમાણે પુનઃસ્થાપન કરવાનું યુગકાર્ય હતું. આ. મ.

શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. સાહેબે કાશી-માંથી–" જૈન અને કૂતરાને પ્રવેશ કરવાનો હક્ક નથી' એ કલંક; તેમણે ઠેર ઠેર પ્રચાર ને પ્રવાસ કરી ગામેગામ પાઠશાળાઓ ઊભી કરી, કાશીમાં વિવાદ કરીને ધોયું હતું. ક્યારેક ધાર્મિક સાથે વ્યવહારિક કેળવણી પણ જરૂરી છે એ યુગકાર્ય હતું. એકલા જૈન–તત્ત્વજ્ઞાનથી નહિ પતે, પરંતુ એનો સુકાબલ અભ્યાસ અને તે પણ આંગ્લભાષાના માધ્યમથી થાય એ યુગકાર્ય હતું. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. સાહેબે શ્રી ગાંધીને શિકાગોની સર્વધર્મપરિષદમાં મોકલ્યા હતા. અને યુગકાર્યની યાદ આપી જતી શ્રી મહાવીર જૈન વિદ્યાલય સંસ્થા આજ પણ ઊભી છે. જૈનધર્મના પ્રચાર માટે અભ્યાસી એવા પ્રચારકો તૈયાર થાય એવું જૈન ગુરૂકુળ એ જમાનાની માંગ હતી. અને મુનિશ્રી ચારિત્ર્ય–વિજયજીની એ પાલીતાણાની સંસ્કૃત પ્રાકૃત પાઠશાળાને કર્મયોગી આ. મ. શ્રી બુધ્ધિસાગરસૂરિજી મ. સાહેબે આજની શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળમાં બદલી હતી.

આ બધી વાતો એ સ્પષ્ટ પુરવાર કરે છે કે આપણા જૈનાચાર્યોએ જમાનાની માંગનો સ્વીકાર કર્યો હતો. યુગની હાકલને તે બધાએ ઝીલી હતી. દેશકાળને એ સૌએ સારી પેઠે પીછાણ્યો હતો. અને તેનું યોગ્ય એવું નિરાકરણ પણ કર્યું હતું. અને જમાનો ને તેની માંગ વિષે, " જૈન ધર્મ સાહિત્ય'ના નિબંધમાં અધ્યાત્મયોગી આ. મ. શ્રી બુધ્ધિ-સાગરસૂરિજી મા. સાહેબે ખુબ જ નિર્ભીકપણે કીધું છે. " જમાનો વિદ્યુત વેગે દોડે છે. તેને સાધુઓ જવા દેશે તો જમાનાની પાછળ તેમને ઘસડાવું પડશે. "

તો આપણે એ ઇતિહાસ જોયો કે આપણા જૈનધર્મે અને આચાર્ય ભગવંતોએ યુગનું આહ્વાહન ઝીલ્યું હતું. હવે આપણે એ જોઇએ કે આજના યુગનું કાર્ય શું છે.

આજના યુગમાં આપણા સમાજે આ કાર્યને ઉપાડી લેવા પડશે. (૧) ચતુર્વિધ સંઘનો સર્વાંગી વિકાસ (૨) ધાર્મિક કેળવણીનું નવ સંસ્કરણ (૩) વિદેશોમાં ધર્મ પ્રચાર (૪) સારાય જૈન સમાજનું સંગઠન. આ ચતુરંગી કાર્ય હવે તેના સમર્થ, સંનિષ્ઠ, ભેખધારી કાર્યકરોની રાહ જુએ છે.

આ કાર્યને પાર પાડવા માટે પધ્ધતિ ને સાધનો વિષે દરેકનો જુદો અભિપ્રાય ને મંતવ્ય હશે. પરંતુ આ વિધાન સાથે તો દરેક સમંત થશે કે આજના યુગમાં આ ચાર કાર્યના જેટલા સવાલો ને સમસ્યા છે તે આ પહેલાંના કાળ ને જમાનામાં ન હતા. હા, ઐક્યતા (સંગઠન) નો પ્રશ્ન ઘણી વાર ઊભો થયો છે તેનો અમે સ્વીકાર કરીએ છીએ. પરંતુ બાકીના ત્રણ કાર્યની ચિંતા ને મુંઝવણ આજના જેટલી બીજા કોઇ યુગમાં ન હતી.

આટલી ભૂમિકા બાંધી હવે અમે આગામી અંકોમાં આ ચતુરંગી કાર્યની વિસ્તૃત ચર્ચા કરીશું. આ ચારેય ક્ષેત્રની આજ શું દશા છે, તેનું નિરાકરણ કેવી રીતે થઇ શકે, તેની વિશ્લેષણા કરીશું. અમારૂં એ વિવેચન ને નિદાન જ સત્ય હશે અને તેમ જ થશે તો જ આ કાર્યની સમસ્યાઓનો ઉકેલ આવશે એવો દાવો અમે કરતા નથી.



# ગંગાના ઓવારેથી

લે. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી



હરેક ધર્મના આગેવાનો પોતપોતાના ધર્મતત્ત્વોનો ફેલાવો કરવા મંડ્યા, કોન્ફરન્સ ભરે છે અને ધર્મતત્ત્વની વાત ચર્ચે છે. જ્યારે જૈનોની કોન્ફરન્સ ભરાય છે તેમાં–જૈનધર્મ શું છે? બીજા ધર્મ કરતાં કેવી રીતે ઉત્તમ છે? તે સંબંધી ખાસ ભાષણો થતાં નથી. ફક્ત જીર્ણોદ્ધાર, તથા પીંછાની ટોપીઓ પહેરવી નહિ. ચામડાનાં પૂંઠા રાખવા નહિ–એવા કેટલાક ઠરાવો થાય છે પણ જૈનધર્મના તત્ત્વોનો ફેલાવો થાય. જૈનધર્મ શું છે! કેવી રીતે અન્યોને જૈન બનાવવા તે સંબંધી વિશેષ બોલવામાં અગર કરવામાં આવવું જોઈએ. કોન્ફરન્સના કેટલાક ઠરાવો સ્તુત્ય છે, પણ હજી જે કરવું જોઈએ તે થતું નથી.

કોન્ફરન્સ તરફથી કેળવણી માટે મદદ ફંડ ચાલે છે, તેમાં અમારો વિચાર એવો છે કે, જે જૈનધર્મનું તત્ત્વજ્ઞાન લે અને જેને જૈનધર્મની પૂર્ણ શ્રદ્ધા હોય તેને સારી રીતે વ્યવહારિક વિદ્યા ભણતાં પણ મદદ કરવી. જૈનોને ધર્મ પાળવાની બુદ્ધિથી મદદ આપવી જોઈએ.

કેટલેક ઠેકાણે કોન્ફરન્સ તરફથી પાઠશાળાઓને મદદ આપવામાં આવે છે અને ભણતાં વિદ્યાર્થીઓ પાંચ પ્રતિક્રમણનો અભ્યાસ કરે છે, તો પણ જૈન તત્ત્વજ્ઞાન શું છે. તેને જાણી શકતા નથી. જેથી અન્ય ધર્મ કરતાં જૈનધર્મ કેવી રીતે શ્રેષ્ઠ છે તે સંબંધી બરાબર સમજી શકતાં નથી. આવી પોપટીયા કેળવણી મોટપણમાં જૈનધર્મની શ્રદ્ધામાં અંતઃકરણથી શી વૃદ્ધિ કરી શકે? તે સમજાતું નથી.

આર્યસમાજીઓ પોતાના સિદ્ધાંતો અને આચારોની સાથે અન્યધર્મના સિદ્ધાંતોનો મુકાબલો કરાવી આર્યવિદ્યાર્થીઓને એવી તો ધર્માભિમાની ધાર્મિક કેળવણી આપે છે કે એક આર્યસમાજી પોતાના ધર્મ માટે, તન, મન અને ધન અર્પણ કરે છે અને પોતાનો ધર્મ વધારવા મન, વાણી અને કાયાનો ભોગ આપે છે. જૈનોને જૈન ગુરૂઓની પાસે જૈનધર્મના તત્ત્વોનું જ્ઞાન અધિકાર પ્રમાણે

---

પરંતુ તેનું વિશ્લેષણ ને નિરાકરણ અત્યંત જરૂરી છે. તે પર જ અમારો આગ્રહ ને ભાર છે.

આ ચતુરંગી કાર્ય અંગે જો કોઈ વ્યક્તિ અમને તેમના વિચારો જણાવશે તો અમે જરૂરથી તેનો અમારી લેખમાળામાં સમાવેશ કરીશું. અમો આશા રાખીએ છીએ આ લેખમાળાને વાચકો જરૂર વધાવશે...

★

થતું જાય અને અન્યધર્મોના સિદ્ધાંતોની ન્યૂનતા સમજાતી જાય અને જૈનધર્માભિમાન વધતું જાય એવી રીતે ધાર્મિકજ્ઞાન અપાવવું જોઇએ. શ્રદ્ધા વિનાના ભાડુતી અન્યધર્મી શિક્ષકોની પાસે જ્ઞાન અપાવવાથી ઉલટા જૈનશ્રાવકો ધર્મથી ભ્રષ્ટ થતાં જાય છે. જૈન તત્ત્વજ્ઞાનની સાથે અન્યધર્મના તત્ત્વનો મુકાબલો કરાવી જૈનધર્મનું શિક્ષણ આપવાથી જૈનધર્મની પરિપૂર્ણ શ્રદ્ધા થાય છે અને એવા જ્ઞાનથી બનેલા જૈનો પોતાનું તન, મન અને ધન ધર્મને માટે અર્પણ કરે છે.

ધર્મનું જ્ઞાન પામેલા શ્રાવકોજ કંઇ કરી શકશે. ભલે ધનાઢ્ય હોય પણ જેને જૈનધર્મનું જ્ઞાન ન હોય તે અન્યોને જૈન બનાવી શકતો નથી. જૈનધર્મના જ્ઞાન વિના. માટે શ્રાવકોએ અવશ્ય જૈનધર્મનું જ્ઞાન સંપાદન કરવું જોઇએ. કાશીની જૈન પાઠશાળા હાલ સારી રીતે ચાલે છે. મહેસાણાની પાઠશાળાનું શિક્ષણ જમાનાને અનુસરીને જોઇએ તે પ્રમાણમાં ઉપયોગી જણાતું નથી.

આર્યસમાજીઓના ગુરૂકુળની પેઠે જૈનોમાં એક મોટું ગુરૂકુળ સ્થપાય તો વ્યવહારિક અને ધાર્મિક બન્ને પ્રકારની કેળવણીનું ઉચ્ચ જ્ઞાન પણ મળે પણ જૈનોમાં હજી આ બાબતનો વિચાર જોઇએ તેવો સ્ફુર્યો નથી. કેળવાયેલા શ્રાવકવર્ગમાં કોઈ આત્મભોગ આપે તો આ મહાન કાર્ય આરંભી શકાય. પ્રથમ તો ગુરૂકુળની યોજના, તેનું સ્થાપન, તેને ચલાવનાર યોગ્ય જૈનો, ધનનું ફંડ. એ ચાર વ્યવસ્થા પરિપૂર્ણ થાય તો જેવા આર્યસમાજીઓ ધર્માભિમાની વેદધર્મી વિદ્યાર્થીઓને ઉત્પન્ન કરે છે અને બળવાન બનાવે છે તેવા જૈન વિદ્યાર્થીઓ જૈનો પણ બનાવવા ભાગ્યશાળી થાય. મને ખાત્રી છે કે આવી જૈન ગુરૂકુળ જેવી મહાન સંસ્થા થયા વિના શ્રાવકોમાં ધર્મનો જુસ્સો પ્રગટવાનો નથી. ધર્મ વિનાની કેળવણીનું શિક્ષણ જૈન ધર્મીઓને ધર્મના અંગે કંઇ પણ લાભકારક નથી. માટે ધાર્મિક સાથે વ્યવહારિક શિક્ષણ આપવું જોઇએ. આવી સંસ્થામાં ભણેલા જો સાધુઓ થાય તો પણ એક સાધુ સો સાધુ જેટલું કાર્ય કરી શકે અને ત્યારે જૈનધર્મની જાહોજલાલીના કિરણોનો પ્રકાશ થાય. નવો જુસ્સો આવ્યા વિના જૈનોનું ભાગ્ય, ઉદય પામી શકશે નહિ. અન્ય ધર્મોની હરીફાઇમાં જૈનો ધન, સત્તા, બળ, બુદ્ધિ વગેરેમાં પાછળ પડતાં રહેશે તો એક દિવસ જૈનોનું નામ માત્ર ઇતિહાસના પાનામાં જ રહેશે એવો વખત આવી જશે. માટે શૂરા અને પોતાની માતાના સ્તનપાનને સફળ કરવાની ઇચ્છાવાળા એવા જૈનોએ હવે તો યાહોમ કરીને જૈનોની ધાર્મિક આદિ ઉન્નતિ માટે ઝુકાવવું જોઇએ.

જૈનોના લાખો રૂપિયાઓ અન્ય માર્ગે ખર્ચાય છે. પણ જમાનાને અનુસરી હાલ તો આ બાબતમાં ખર્ચાવા જોઇએ. જ્યારથી જાગવામાં આવશે ત્યારથી પ્રભાત થશે, હવે જરા માત્ર પણ પ્રમાદ કરવાનો સમય નથી.

મુસલમાનોએ અલીગઢ કોલેજમાં ધાર્મિક વિદ્યા દાખલ કરી છે. આર્યસમાજીઓએ દેવલાલીમાં હમણાં ગુરૂકુળ ખોલ્યું છે. તેમાં બ્રહ્મચર્ય સારી રીતે પળાવવામાં આવે છે પણ હજુ જૈનો ખરા જીગરથી ધાર્મિક વિદ્યા

માટે જોઇએ તેવો પ્રયત્ન કરતા નથી. હાલ જે યુવાન જનો ઇંગ્લીશ કેળવણી લે છે તેઓને ખરી ધાર્મિક વિદ્યા શીખવવામાં આવતી નથી. તેના લીધે તેઓ નાસ્તિક થતા જાય છે. અમદાવાદ જેવા જૈનોના રાજનગરમાં તો દારૂનો સડો પેઠો છે. એમ જાહેરપત્રોથી જાણીએ છીએ. આથી ભય રહે છે કે દયાળુ પ્રજાની સંતતિમાં માંસનો સડો પેસશે કે શું?

શ્રાવકોમાં જે આગેવાન ધનાઢ્ય વર્ગ છે તે જૈનધર્મનાં તત્વો જાણવા પ્રયત્ન કરતો નથી. તેમ સાધુઓ કેટલાક એવા છે કે હાલ ધર્મની શી ચળવળ ચાલે છે તેની પણ તેઓ ખબર રાખતા નથી. મૂર્તિને નહિ માનનારા એવા સ્થાનકવાસી જૈનોમાં નવી જાગૃતિ આવવા લાગી છે. ત્યારે સનાતન જૈનો ઊંઘે છે અને પોતાને સત્ય જૈનો કહેવડાવે છે. દરેક શ્રાવકો પોતાનાં છોકરાને ધાર્મિક શિક્ષણ આપવા ખાસ લક્ષ્ય આપતા નથી. જો શ્રાવકોની સંખ્યા ઘટી જશે તો તીર્થોની શી દશા થશે તે પણ સમજાતું નથી. હજારો શ્રાવકો અને શ્રાવિકાઓ ભેગી કરીએ ત્યારે નવતત્વને જાણનારા આંગળીના વેઢા જેટલા પણ જડી આવવા મુશ્કેલ છે. કેટલાક શ્રાવકો તો સાધુઓને તોડી પાડી પોતે ધારેલા ગૃહસ્થ ગુરૂને મનાવવાને પ્રયત્ન કરે છે. શેઠીઆઓ જ્યારે કોન્ફરન્સ થાય છે ત્યારે માંચડાને ધ્રુજાવી નાખે તેવાં ભાષણો આપે છે, પણ કેટલાક ઘેર ગયા બાદ ત્યાં બોલેલું સ્વપ્નાની પેઠે ભુલી જાય છે. જે શેઠીયાઓ આસ્તિક હોઇ યથાશકિત પ્રયત્ન કરે છે. તેઓ ખરા જૈનપણાને યોગ્ય છે.

કેટલાક શ્રાવકો બિલકુલ ગરીબ દશામાં આવી ગયા છે, તેઓને સારા રસ્તે ચડાવવા કોઈ જોઈએ તેવા પ્રયત્ન કરતું નથી. મારો તો વિચાર એવો છે કે ધાર્મિક અને વ્યવહારિક કેળવણી આપવાથી સર્વ અંગની વૃદ્ધિ થશે; ધર્મ વિના એકલી વ્યવહારિક વિદ્યા ભણાવવામાં જો સહાય આપવામાં આવે તો મુસલમાનોને પણ મદદ કરવી જોઇએ. ! જે જૈનો ધાર્મિક કેળવણી લેતા હોય અને ધર્મમાં પૂર્ણ શ્રધ્ધાવાળા હોય તેવાઓને વ્યવહારિક વિદ્યા ભણવામાં સહાય આપવાથી શ્રાવકની ફરજ બજાવાય છે. ગમે તે જાતનો શ્રાવક હોય પણ જૈન તત્વનો જ્ઞાતા હોય તેવાઓને આપેલી વ્યવહારીક ધનાદિ સહાય સફળ થાય છે અને તે જ સ્વધર્મવાત્સલ્ય કહેવાય છે

એક દિવસ સકળ શ્રાવક અને શ્રાવિકાઓને જમાડી નવકારશી કરવામાં આવે છે. તેટલા માત્રથી ખરેખર-શાસ્ત્રાધારે-સાધર્મ્યવાત્સલ્ય કહેવાતું નથી. ખરૂં સાધર્મ્યવાત્સલ્ય એ છે કે જેને જૈન બંધુઓની ભકિત કહેવામાં આવે છે. તેનું વર્ણન શાસ્ત્રોમાં સારી રીતે છે. લાખો રૂપિયાનો નવકારશીના નામે વ્યય કરવામાં આવે છે તેનો વ્યય જો ધાર્મિક કેળવણીમાં જ કરવામાં આવે તો જૈનો જે નામ માત્રથી કેટલા છે તે મટી જઇને ખરા જૈનો બની જાય. શ્રાવકો ઉજમણાના નામે ધર્મના પુસ્તકોમાં જેટલા રૂપિયાનો વ્યય કરવાનો છે તે કરતાં નથી અને બીજા કાર્યોમાં વિશેષ રૂપિયાનો વ્યય કરે છે. તે જો તત્વજ્ઞાન લે તો બની શકે નહિ.

કાઠીયાવાડ વગેરેમાં કેટલાક જૈનો દુર્બુધ્ધિથી કન્યાઓને વેચી આજીવિકા ચલાવે

# " આચાર્યની દિવ્યદષ્ટિએ.....

લે :-આ. શ્રીમદ્ કીર્તિસાગરસૂરીશ્વરજી.

વિશ્વવંદ્ય પરમતારક શ્રી મહાવીર સ્વામી વિભુ સ્વમુખે ફરમાવે છે. કે अप्पामेव दमेयव्वो...? વિશ્વમાં જે દમન ચાલી રહ્યું છે. તે પારકાનું જ. સાચું દમન તો આત્મદમન છે. આત્માને જ દમવા લાયક છે. એટલે આત્માની સાથે અનાદિ કાલથી લાગેલ કર્મો-જન્ય, અહંકાર, આસક્તિ, અને અદેખાઇ વિગેરે દુર્ગુણો જ દમવા લાયક છે. એને દમીને દૂર કરવા જોઈએ. અહંકાર, મમતા અને આસક્તિ વિ. દોષોએ આપણું ઘણું નુકસાન કરેલ છે. ચારેય, ગતિમાં પરિભ્રમણ કરાવી અસહ્ય-અનંત દુઃખોમાં ફસાવ્યા છે. આત્મધન-આત્મશકિતને હણી નાંખી અંધ બનાવેલ છે. આટલું નુકશાન પારકાએ કર્યું નથી. અને યાતનામાં સપડાવ્યા નથી. વિજય મેળવવો હોય તો. પારકાને મૂકી અન્યત્ર પ્રયાસનો ત્યાગ કરી અહંકારાદિનું જ દમન કરો અને તમારી સમીપમાં જ રહેલા વિષય-કષાયના વિકારો ઉપર ચઢાઇ કરી તેઓનો પરાજય કરો. વિષય અને કષાયના વિકારોએ તમોને તથા વિશ્વને ભ્રમણામાં ફસાવેલ હોવાથી આત્મિક-શકિત, આત્મજ્ઞાન અને આત્મરમણતામાં તમોને પ્રેમ-શ્રદ્ધાની સ્ફૂરણા થતી નથી. અને તે વિકારોના વેગમાં અકર્તવ્યને કર્તવ્ય, અશ્રાવ્યને શ્રાવ્ય, અપેયને પેય, અને અખાદ્યને ખાદ્ય માની તેમાંજ આસકિતને ધારણ કરી છે. માટે તે વિકારોને બરોબર ઓળખી દૂર કરવા પ્રયાસ કરો ? અને-તેઓના ઉપર વિજય મેળવી સ્વ-સત્તાને સ્વાધીન કરો.

વિશ્વના પ્રાણીઓ ઉપર માત્ર વિજયને પ્રાપ્ત કરવાથી, વિષય-કષાયોના વિકારો ઉપર વિજય, કદાપિ મેળવાશે નહી, અને પરાધીન-પણે દમન કરાતા, દબાતા અને લુંટાતા જીવનને પસાર કરવું પડશે.

શ્રી બૃહદારણ્યક ઉપનિષદમાં બ્રહ્મા-એ પોતાની પાસે આવેલ દેવ-દાનવ અને માનવજાણને દ-દ-દ નો ઉપદેશ આપ્યો. દેવોએ બ્રહ્માની છ માસ સુધી સેવા કરીને

---

છે. કેટલાક નામધારી જૈનો અન્ય વૈષ્ણવો વગેરેને પોતાની છોકરીને મિથ્યાત્વી બનાવવા આપી દે છે. અહો !!! કેવી નામધારી શ્રાવકોની ખરાબ દશા !!! જો તેઓ જૈનતત્ત્વનું જ્ઞાન પામીને જૈનો બન્યા હોત તો ગમે તે જાતનો ધંધો કરીને આજીવિકા ચલાવત પણ પોતાની છોકરી વેચી પેટ ભરત નહિ. તેમ પોતાની છોકરીને પોતાને હાથે અસંખ્ય ભવ વધારવા મિથ્યાત્વી વૈષ્ણવ વગેરેને આપત નહિ. એવા શ્રાવક અને શ્રાવિકાઓ તીર્થના સ્થાને જઈ શું ફળ પ્રાપ્ત કરી શકે ? કેટલીક શ્રાવિકાઓને અન્ય ધર્મમાં પરણાવે છે ત્યારે તેઓ ત્યાં અન્ય ધર્મ પાળે છે અને વળી બાપના ઘેર આવી જૈન ધર્મ પાળે છે. આવી આરના (માટીના) ખીલા જેવી શ્રાવિકાઓથી પોતાનું તથા અન્યનું ભલું થવાનું નથી....

("તીર્થ યાત્રાનું વિમાન"માંથી ઉધ્ધૃત)

# "મારે નથી પરણવુ....."

લે. કીર્તિકુમાર એ. શાહ (મહેસાણા)

એની આંખો ટગર ટગર ખંડને જોઈ રહી હતી. આંસુની આડમાં પણ તેની નજર ખંડની હરેક દરેક ચીજ–વસ્તુ પર ઘડી બે ઘડી થંભી જતી હતી.

નજર થંભતી હતી અને ભૂતકાળ ધસતો હતો. ભવ્ય ઇમારત ધરતીકંપના એક આંચકાથી કકડભૂસ બની ઢગલો થઈ રહી હતી. એક એક અવશેષ તેની ભવ્યતાનો ખ્યાલ આપી રહી હતો.

પત્નીના શોકઆંસુના ડાઘ તો હજુ ગાલ પરથી સુકાયા નથી ત્યાં—કીરીટ ! હવે ક્યાં સુધી રડયા કરીશ ? જન્મ્યું તે મરવાનું છે. હંસા જન્મી અને મરી ગઈ. સ્વસ્થ બન, કીરીટ ! સ્વસ્થ બન....

'હજુ તો તું જવાન છે કીરીટ ! આમ પત્નીઘેલો બની ક્યાં સુધી એકલો રહીશ ?

---

કહ્યું કે–અમોને આત્મકલ્યાણ થાય તેવો ઉપદેશ આપો; બ્રહ્માએ કહ્યું કે–પુણ્યોદયે દેવોને સ્વર્ગની સામગ્રી મળે છે, પરંતુ તેમાં આસક્ત બનવાથી પુણ્યધન ખતમ થાય છે; તેઓ જો, "દ"નો અર્થ સમજી રીતસર વર્તન રાખે તો કલ્યાણ થાય. દેવો સમજી ગયા કે, આપણને માનસિકવૃત્તિ સાથે ઇન્દ્રિયદમનનો ઉપદેશ આપ્યો. તેથી તેઓ ખુશ થઈને સ્વસ્થાને ગયા. દાનવો આવ્યા. તેઓને પણ "દ" નો ઉપદેશ આપ્યો, તેઓ પણ સમજી ગયા કે અમો બહુ ક્રોધી અને હિંસક છીએ. જગતના પ્રાણીઓને મારી નાંખીએ છીએ. તેથી "દ" દયાનો ઉપદેશ આપ્યો; તેમ સમજીને તેઓ પણ સ્વસ્થાને ગયા.

માનવો આવ્યા તેમને પણ "દ" નો ઉપદેશ આપ્યો, તેઓ સમજ્યા કે સર્વ પાપોનું મૂલ લોભ જ છે. અને તે આપણામાં અધિક છે. લેવાની જ ઇચ્છા રાખીએ છીએ દેવાની નહીં. માટે "દ" કહેતાં દાનને આપવા માટે બ્રહ્માએ કહ્યું. તેમ સમજીને તેઓ પણ ખુશી થતાં સ્વસ્થાને ગયા.

આપણામાં સારા ભાવ અને શ્રદ્ધા હોય તોજ એક અક્ષરમાંથી પોતાના કલ્યાણનો માર્ગ શોધી કઢાય છે. અને આત્મશ્રેયઃ સધાય છે. માટે પ્રથમ શ્રદ્ધાપૂર્વક આત્મકલ્યાણનો ઉપદેશ શ્રવણ કરવામાં પ્રેમ રાખવો ઉચિત છે. નહીતર શ્રદ્ધા વિનાનું શ્રવણ લાખો વર્ષો સુધી કરે તોપણ સ્વકલ્યાણનો માર્ગ સુઝે નહી. અને આત્મકલ્યાણ સધાય નહીં.

દેવ–દાનવ અને માનવ ત્રણને પોતાની પ્રવૃત્તિમાં–આચારમાં અને વિચારમાં સત્ય શાન્તિ મળી નહી. તેથી સત્ય શાન્તિનો માત્ર એકજ અક્ષર સાંભળતાં શ્રદ્ધા–પ્રેમપૂર્વકનો સારો ભાવ હોવાથી "દ" શબ્દમાંથી પોતાના કલ્યાણનો માર્ગ સુઝયો. અને સત્ય શાન્તિને મેળવી શકયા.

અને તારા આંસુ ક્યારે પણ મૃત હંસાને પાછી નહિ લાવે. ગાંડા! તેના કરતાં બીજી જ હંસા કરી લેને....

હંસાનો હંસલો ઊડી ગયો તે જ દિવસ આજ છે. બરાબર એક વરસ પહેલાં આજ દિવસે તેની હંસા તેને સદાય માટે છોડીને ચાલી ગઈ હતી....!

આજ એ દિવસ તેને વહી ગયેલા ભૂતકાળની યાદ આપી રહ્યો છે.

તેનું આંતરમન ભૂતકાળને ફેંદી રહ્યું હતું:– હા! આજ દિવસે તેને પત્ર મળ્યો હતો. એનું મન પૂછી ઉઠયું–પત્ર મળ્યો હતો કે હંસાની ચિર વિદાયનો સંદેશ?

એ પત્ર તેની હંસાના મોતની ખબરનો હતો. એ મહેસાણા હતો. તેની હંસા દૂર દૂર, ગામડે હતી. અંતિમ મિલન થાય, છેલ્લી નજરો મળે તે પહેલાં તો હંસા ચાલી ગઇ!!!....

ક્યારેક એ ચાલી જશે એ તો તેને ય ખબર હતી. કારણ કીરીટે લગ્ન કર્યું તે અગાઉ જ હંસાએ કીધું હતું:– 'કીરીટ! તમે મને ન પરણો, ન પરણો. મારી જીદ છોડી દો. હું તમને કેવી રીતે સમજાવું કે તમારું હું જીવન નથી; મોત છું....' અને ઘણી રકઝક પછી તેણે કીધું હતું:–'કીરીટ! હું રાજરોગની બિમાર છું. મને ક્ષય થયો છે. હું ધીમે ધીમે મોત તરફ ધસી રહી છું. મારું જીવન દર પળે ઘસાઈ રહ્યું છે. કીરીટ! જાણી જોઈ જીવનને શોકના દરીયામાં ફેંકી ન દો મારા, વાલમ! ન ફેંકી દો....'

પણ તેનો તેને ક્યારેય અફસોસ નહોતો થયો. સગા, સંબંધી, મિત્રો બધાએ જ તેને આ લગ્ન માટે ના પાડી હતી. તેને તે માટે મૂર્ખ કીધો હતો. વેવલો ગણ્યો હતો. છતાંય એ દરેકની ટીકા સહન કરી એણે હંસા સાથે જ લગ્ન કર્યું હતું.

પણ એ તો આજના મંગળ દિને— હા, હંસાના મોતના દિવસને એ મંગળ દિવસ માને છે. કારણ કીરીટ તૃપ્તિમાં માનતો હતો. હંસા ત્યાગમાં, અને બન્નેનું લગ્ન એ તૃપ્તિ ને ત્યાગનો સમન્વય હતો— વિચારી રહ્યો હતો :–

વાહ રે! જિંદગી, વાહ! શું તારી ઘટમાળ છે!! હંસાનો વિયોગ થયો ત્યારેય મિલન ન થયું! તેનો સંયોગ થયો ત્યારે પણ મિલન નહોતું થયું!! જેવો સંયોગ થયો (સગાઇ) બરાબર તેવો જ વિયોગ થયો! સગાઇ થઈ, વેવિશાળ થયું ત્યારે પણ મેં તેનું મોં નહોતું જોયું. તેની છેલ્લી આંખ મીંચાઈ ત્યારે પણ મોં ન જોઇ શકાયું!! અજાણતાં જ એ અથડાઇ ગઇ ને એવી જ અજાણતાથી એ વિખુટી પડી ગઇ!!....

પરંતુ અણજાણ સંયોગ–વિયોગ વચ્ચેનું જીવન કેવું ભવ્ય હતું!!

હંસા મારા જીવનમાં આવી જ ન હોત તો 'પણ એ ક્યાં આવી હતી?' તેના અંતરમાં એક ધીમો અવાજ સળવળી ઉઠયો. હા! હું જ તેને પરણ્યો હતો. તે તો મને ના જ પાડતી હતી. પરંતુ તેની ના ની નિડરતા ને તેનાં હૈયાની નિખાલસતાએ જ તો મને સત્પ્રેરણા કરી હતી.

અને જ્યારે એ જીવનનો વિચાર કરું છું ત્યારે....

હંસા! તું ન મળી હોત તો મારી

તૃપ્તિ ક્યાં જઈને વિરામ પામત ? જવાનીનો ઉન્માદ ક્યાં જઈને ઠરી ઠામ બનત ? કે પછી તૃપ્તિ તૃપ્તિ કરતાં હું ખતમ થઇ જાત ? કારણ હું તૃપ્તિમાં માનતો હતો. પરંતુ એ તૃપ્તિ શું છે, તે શેમાં છે તેની તો મને ખબર જ ન હતી !....

એ તો હંસા ! તેં જ મને શીખવ્યું. તેં કીધેલું બધું આજ મને બરાબર યાદ છે. લગનની એ પહેલી જ મંગળ રાતે તેં મને ધીમા મક્કમ સ્વરે કહ્યું હતું :– "કીરીટ ! તૃપ્તિ પદાર્થમાં નથી. તૃપ્તિ સંયમમાં છે. વહાલા ! દુનિયાને ઉઘાડી આંખે જો ને વિચાર. લાખવાળાને તેના લાખમાં તૃપ્તિ નથી. રૂપાળી, જુવાન ને શિક્ષિત પત્નીમાં પણ પેલા પુરુષને તૃપ્તિ નથી. તેઓ જો તૃપ્તિ પછીથી જ ત્યાગનો વિચાર કરે તો તો એમની તૃપ્તિ થાય ક્યારે ને એ ત્યાગી બને ક્યારે ? લાખવાળો કરોડ સુધી પહોંચે. કરોડથી પણ તેને તૃપ્તિ થતી નથી. પેલો પુરુષ એક છોડી બીજી સ્ત્રી ભોગવે, ત્યાંય એ તૃપ્તિ જોતો નથી. અને ભોગ વધતો જ જાય છે. વિવિધતા પણ ફાલતી જાય છે. પરંતુ એ તો ત્યારેય કહેશે હજી તૃપ્તિ થઈ નથી !! હાશ ! નો એક શ્વાસ ઘૂંટું એવું હજી ઠેકાણું જ નથી આવ્યું !!.... કીરીટ ! એવા માનવો તૃપ્તિની ઝંખનામાં જ અતૃપ્ત રહી મરી જાય છે. કારણ તૃપ્તિ શેમાં છે તેની જ તેઓને ખબર નથી. તેઓ સાધનમાં તૃપ્તિ માને છે. પણ સાધન કદી તૃપ્તિ નહી આપે. કીરીટ ! આપણા સંસારને સુખી ને સમૃદ્ધ બનાવવો હોય તો તારી તૃપ્તિને મારા ત્યાગમાં ઓગાળી નાખ ! તૃપ્તિને ત્યાગનું રસાયણ થવા દે. મને શ્રદ્ધા છે જીવન આપણું નંદનવન બની જશે........"

સાચે જ હંસા ! મારી તૃપ્તિ ને તારા ત્યાગના રસાયણે તો આપણા જીવનને તપોવનમાં ફેરવી નાંખ્યું હતું. આથી જ તો, તારી જીવનજ્યોત જ્યારે જ્યારે આ બુઝી કે બુઝશે તેમ થઇ ત્યારે મને જીવનનો થાક નહોતો લાગ્યો. અને આજ તું નથી ત્યારે પણ મને જવાની સતાવતી નથી. વાસના મને હેરાન નથી કરતી. તેં મને તૃપ્ત કર્યો હતો. ત્યાગથી સંસ્કાર્યો હતો. સંસારમાંય તેં મને સંન્યાસનો પાઠ જીવી બતાવ્યો હતો.

તેથી જ તો આજ જ્યારે મારા મિત્રો કહે છે: 'બીજી હંસા કરી લેને–' ત્યારે મારે તેમને કહેવું પડે છે. 'લગ્ન એ જિંદગીનું રંગભવન નથી. એ કોઇ રસની મહેફીલ નથી. તૃપ્તિનો એ શયનખંડ છે. ત્યાગનું એ તો પવિત્ર મંદિર છે. એક હંસા મેં કરી લીધી. તેના શરીર, સંસાર, સંસ્કાર બધાયથી મેં તૃપ્તિ માણી લીધી. હવે મને કોઇ ઉન્માદ નથી. કોઇ ઉછાળો નથી. મેં મારું કામ કર્યું. હવે તેનું કામ કરવાનું છે. અને દોસ્તો ! હંસા નથી ગઈ. તેનો દેહ ગયો છે. તેનો ત્યાગનો આદર્શ આજે પણ જીવે છે. માટે રહેવા દો, દોસ્તો ! હવે મને ફરીવાર પરણવાનું ના કહો. તેમ કરી એક તપસ્વીની, ત્યાગી, સંસારી સાધ્વીનું નાહક અપમાન ન કરો....

હંસા ! આ માનવો કેવાં છે ! તેમનાં માનસ કેવાં વિચિત્ર છે ! એક વખત જ્યારે હું તારી સાથે લગન કરવા તૈયાર થયો ત્યારે તેમણે મને મૂર્ખ કીધો હતો. મારા

એ લગનને તેમણે વેવલાશ કહી હતી.

અને આજ ? જ્યારે હું લગનની જ સાચ ના ભણું છું ત્યારે મને ગાંડો ગણે છે. બેવકૂફ માને છે.

ભલે એ દુન્યવી માનવો ! ભલે આજ તમે મને એમ કહો. મને તેની કશી જ પરવા નથી. તમારા એ મૂર્ખાઈ ને બેવકૂફીના માપ તમને જ મુબારક !....

હંસા ! આજ તને ગયા એક વરસ થઈ ગયું. તારી યાદ મને રોજ રોજ સતાવતી હતી. તારા ત્યાગના પંથે જવા ઘણીવાર મન થતું હતું. પરંતુ જડ આસક્તિના જોરે હું તેમ ન કરી શકયો.

પણ....આ....જ....તારી પુણ્ય સંવત્સરે એ કાર્ય કરી તને નાનો શો અર્ધ્ય અર્પણ કરું છું. સ્વીકારી જ્યાં હોય ત્યાં સ્મિત વેરજે....'

કીરીટે એક છેલ્લી ઉપેક્ષિત નજર ખંડમાં ફેરવી લીધી ને સીધા તીરની જેમ બહાર નીકળી ગયો....'



# દીપકના દિવ્ય પંથે.........

લે: શ્રી કસ્તુરલાલ વી. શાહ (કપડવંજ)

(કપડવંજમાં આસો સુદી પૂર્ણિમાના દિવસે પરમતારક વિભુ શ્રી. શાન્તિનાથ ભગવાનના જિનાલયે અખંડ દીપક પ્રગટાવવામાં આવ્યો હતો. અને 'દીપકની દિવ્ય મહત્તા' એ વિષય ઉપર પ્રવચન રાખવામાં આવેલ જે જીવનમાં દિવ્ય સંદેશા પાત્ર હોવાથી અમારા વાંચક સભ્યો સમક્ષ રજુ કરવામાં આવેલ છે.) —તંત્રીઓ.

આજના મંગલ દિવસે આપણે બધા પરમતારક વિભુ શ્રી શાંતિનાથ ભગવાનના પાદપદ્મમાં અખંડ દીપ પ્રગટાવવા માગીએ છીએ. આ દીપક પ્રગટાવવા પાછળનો આશય આપણા અંધકારમય જીવનને જ્ઞાન અને ચારિત્રથી પ્રકાશિત કરવાનો છે.

હે દેવ ! મને પેલા કોડીયાના દીપકની જરૂર નથી. મને તો પેલા દીપકની ઝંખના છે. જેની જ્યોતિ કદી વિલાતી નથી, જેનો પ્રકાશ કદી ઝાંખો થતો નથી, જેનું તેલ કદીય ખૂટતું નથી, એ અજર અમર દીપની મારે તો દીપમાળ બનાવવી છે.

હે વિભુ ! ચારિત્ર્ય એ મારું ઘૃત છે. દર્શન એ મારી વાટ છે. સમ્યક્ત્વ એ મારી દિવાસળી છે. આ દીપકને આપણે આપણા જીવનગોખે મૂકવાનો છે, કારણ કે એ આપણા અંતરનો દીપક છે.

આપણા જીવનમાં અજ્ઞાનરૂપી અંધકાર છવાએલો છે. આ અંધકારને બાળીને ભસ્મ કરવા માટે જ્ઞાનદીપની ખાસ જરૂર પડે છે. માનવ જિંદગી ફટાકડાની એક લૂમ છે. મોહ માયાની એક જ ચિનગારી એને ફોડવાને માટે બસ છે.

આજનો પ્રગટાવેલો અખંડ દીપ આપણને શું કહે છે ? જરા ધ્યાન રાખીને સાંભળો. દીપ કહે છે કે હે ભગવાન ! મારી એવી ઈચ્છા નથી કે રાજા મહારાજા મને તેના રાજમહેલમાં જલાવીને મહેલને પ્રકાશિત કરે અને મારું માન વધારે. હું આકાશમાં સૂર્ય,

ચંદ્ર કે તારાની માફક ચમકીને સામાન્ય પ્રકાશ આપવા માગતો નથી. કોઈ જ્વાળામુખીના પહાડની ધગધગતી અગ્નિજ્વાળા બનવા માગતો નથી. હું આકાશ કે ધરતી ઉપરની વીજળી પણ બનવા માગતો નથી, પરંતુ મારી મહેચ્છા સુનસાન જંગમમાં કોઈ એક ઝુંપડીમાં રહેલી મમતા અને સ્નેહવાળી વૃદ્ધ માતાને જીવનમાં ઉષ્મા આપી તેના જીવનને પ્રકાશિત કરવા માગું છું. કોઈ એક એકલવાયા મુસાફરના નિરાશાભર્યા, ભુખ્યા અને તરસ્યા જીવનને સાચો માર્ગ બતાવી તેને સાચું માર્ગદર્શન કરવા માગું છું.

દીપકની અભિલાષા ઉપકારમયી બનવાની છે. તેને જશ, ગૌરવ, માન, મર્યાદા કંઈ જોઈતું નથી. તેને એમ છે કે કોઈને રસ્તો ન જડતો હોય તો મારી ઝુંપડીએ આવે.

દીપક આપણને ઉપદેશ આપે છે કે મારી માફક તમે પણ તમારું સુખ અને અભિલાષા છોડી દઈને તમારૂં જીવન દુખીઓ અને ભૂલ્યા ભટકેલાને માટે મદદ કરવામાં વ્યતિત કરો.

દીપક આપણને બીજો ઉપદેશ એ આપે છે કે આકાશનો ચાંદ બનીને તારાઓની સાથે ગીત ગાઈ અને નૃત્ય કરીને જીવનને એશઆરામી ન બનાવતાં તમો સંસારના બળ્યાઝળ્યા લોકોના હૃદયમાં પ્રેમ, મમતા અને સુખનો સંચાર કરો અને જાતે દુઃખો સાથે ઘસાઈ જઈને બીજાના જીવનમાં પ્રાણનો સંચાર કરો.

આગળ ચાલતાં અખંડ દીપ કહે છે કે તમો જગતમાં મંગલકારી માતા તુલ્ય, ભગવાન વિશ્વપતિના ઘરની શોભારૂપ પોતાના શરીર અને આત્માની કાંતિ તથા શાંતિને વધારનાર, અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરનાર એવી પવિત્ર મંગલ દીપશિખા આત્માનું કલ્યાણ કરનારી થાવ. જે દીપકના પ્રકાશમાં માનવજીવનના પાપના સમૂહને બાળી આત્મજ્ઞાનના ઉજ્જવળ, પવિત્ર દીપકથી જે દુષિત આત્માઓ વિમળપદને પામ્યા છે એવા સ્વાત્મિક સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ એવા સિદ્ધ પરમાત્માને હું પૂજું છું.

આવો જ્ઞાનદીપક અનંત સમય સુધી ઝગમગે છે. અનંતકોટી આત્માને આ પ્રકાશથી જુએ છે- તેનાથી આઠે કર્મોનો નાશ થાય છે. જેથી માનવ જીવનને શાશ્વત કાળ સુધીનું શાંતિમય રાજ્ય પ્રાપ્ત થાય છે. આનાથી શાતા વેદનીય કર્મ બંધાય છે. તે શાતાવેદનીય રૂપ પુણ્યથી, આખું વિશ્વ દીપી રહે છે. દુઃખ અને અંધકારને દૂર કરનાર આ દીપ પૂજા છે. ઝગમગ ઝળહળતી દીપકની જાલીમ જ્યોતિ મોહરાજાને પડકાર ફેંકી રહેલી છે. વાસનાના ગાઢા અંધકારને દીપશિખા રૂપી મહારાણી દૂર કરવાને માટે પોતાના પ્રકાશનરૂ હસ્તથી જાજ્વલ્યમાન રીતે જાણે સમર્થ પ્રયાસ કરી રહી હોય તેમ દેખાય છે. માટે જે પવિત્ર આત્માનો જ્ઞાનદીપ સંપૂર્ણપણે પ્રગટ થયેલો છે. તેમની આગળ દ્રવ્યદીપ (બહાર દેખાતો) સ્થાપન કરવામાં આવ્યો છે. તેનું તેજ સૂર્ય કરતાં પણ વિશેષ હોય છે. તેને બે શિખા હોય છે. એકનું નામ જ્ઞાન અને બીજાનું નામ દર્શન અને તેને ભાવ દીપકની જ્યોત કહેવામાં આવે છે. આ દીપક એટલા માટે પ્રગટાવવામાં આવે છે કે જેથી આપણામાં જ્ઞાન દીપક (સંસ્કાર દીપક) પ્રગટ થાય.

જેના મન મંદિરની અંદર પરમપવિત્ર એવો વિવેક દીપક પ્રગટ થાય તે કદી પણ દુર્ગતિનું આયુષ્ય બાંધતો નથી. નીચગોત્ર પણ બાંધતો નથી. તે દીપક આપણને એમ બોધ આપે છે કે માનવે પશુ જેવું જીવન ન જીવતાં સદાચાર અને સંયમી જીવન જીવવું જોઈએ, પારકાને ઠગવું ન જોઈએ. મિથ્યાતત્વનું પોષણ ન કરવું જોઈએ. કુકર્મની વાત મોઢેથી ન કરવી જોઈએ. ખોટા આહારવિહાર ન કરવા જોઈએ. જો ઉપરોક્ત અસત્ કર્મ કરે તો દેડકાના, પાડાના, ગિલોડીના, કાગડાના વગેરે ખરાબ ભવો પ્રાપ્ત થાય છે. અને તેનો સંસાર ઘણો દુષ્કર થાય છે.

દીપક પૂજા કરવાથી માણસના જ્ઞાનનેત્ર ખુલે છે. સદ્‌બુદ્ધિ ઉજાસ પામે છે. સૂર્ય જેવો તેજસ્વી અને ચન્દ્ર જેવો શીતળ બને છે. સાગર જેવો ગંભીર બને છે. જેણે પરમાત્માની સામે દીપક ધર્યો નથી તેનો નીચકુળમાં જન્મ થાય છે. તેને હાથમાં મશાલ પકડવી પડે છે. જેને એ દીપક પુજા ગમતી નથી તે અપવિત્ર બનીને ચંડાળ અને ભંગીની માફક મળનો કચરો અને ગટર સાફ કરનાર અછૂત બને છે. મજૂરીયાની માફક વેઠ ઉચકવી પડે છે અને ગધેડા અને શિયાળની માફક તેની અધોગતિ થાય છે.

ઘૃત દીપકના દર્શન કરતાં દીવસ આખો મંગલમય રીતે અને આનંદથી પસાર થાય છે. અને ભવોભવ મંગલમાળાની પ્રાપ્તિ થાય છે. કુશળ લક્ષ્મી તેનો કેડો છોડતી નથી. મંગળલક્ષ્મી તેને સ્વયંવશ થાય છે. તે દીપકની પવિત્ર જ્યોત અંતરના કુકર્મને કાષ્ઠની માફક બાળીને ભસ્મીભૂત કરે છે. આત્મસંગની દુર્ગંધને દુર કરે છે. અજ્ઞાનતારૂપી પતંગિયું તે દીપકની જ્યોતિની અંદર બળીને ભસ્મ થવા જાય છે. મનમંદિરની અંદર પડેલા સંસ્કારરૂપી રત્નના ઢગલાને દીપકની જ્યોતિ સ્પષ્ટ રીતે બતાવે છે. તેની બુદ્ધિ સદા ખીલેલાં કમળ જેવી હોય છે. તેનું શરીર તથા શ્વાસ સુગંધી રહે છે. અત્તરની શીશીની માફક તે ભાગ્યશાળી જ્યાં ત્યાં જીવનની સુવાસ ચોમેર ફેલાવે છે. બીજાના જીવનમાં પણ પોતાના પ્રકાશથી પ્રકાશ ફેલાવી શકે છે. માટે કહેવાય છે કે દીવાથી દીવો પેટાવાય.

માનવ મન એ કોડિયું છે, જ્ઞાન એ ઘી છે. ભકિત એ દીવેટ છે. સેવા એ દિવાસળી છે અને શરીર કાચનો ગોળો છે. તેનાથી આ સંસાર દીપક પ્રગટે છે અને આનંદ નદીનાં પૂર વહેવડાવે છે. અંતરના કચરાને સાફ કરે છે, તેવો પુણ્યાત્મા શાશ્વત ધામમાં બિરાજમાન થાય છે.

દીપકની સ્થિર જ્યોતિ આપણા મનને તથા ચિત્તને પ્રભુમાં એકાગ્ર કરવાનો ઉપદેશ આપે છે. જેમ દીપકની જ્યોત પવનના સપાટામાં ચંચળતા અનુભવે છે તેવી જ રીતે આ સંસારના મોહમાયારૂપી પવન આપણાં ચિત્તને અસ્થિર બનાવી મૂકે છે. આપણું મન મોહમાયામાં ફસાય છે. તેથી ચિત્તની ચંચળતાનું નિવારણ યોગ છે. યોગ સાધવામાં ચિત્તની સ્થિરતા જરૂરી છે. સ્થિર દીપક આપણને જીવનમાં યોગ સાધી આપણા જીવનને પ્રભુમય બનાવવાનો મૂક ઉપદેશ આપે છે. આમ જયારે માનવજીવનમાં દીપકની જ્યોતિ સ્થિર બની પ્રકાશમય બનશે ત્યારે મનુષ્ય

# ગાતા ફુલ

લે. વિમર્શ.

(૧)

દેવતા! મારા, હવે હું તારા મંદિરમાં આવવાનો નથી.

કારણ હું તો એ તારું મંદિર માની આવતો હતો, પરંતુ મને હવે ત્યાં બીજું જ કંઈ જણાય છે.

ઘંટનાદના ઘોંઘાટોથી મારી શાંતિ અશાંત બને છે. તારા દેહ ઉપરની એ ભભક ને સજકથી મારું મન મુંઝાઇ જાય છે. અને સવાલ થાય છે:– "આ રંગબેરંગી વસ્ત્રો ને ચળકાટ મારતાં ઘરેણામાં તું જ છે કે બીજો કોઇ ?"

અને તારા મંદિરની ભીડ ને ભપકો, રોશનીની ઝાકઝમાળ અને ભક્તોની રઘવાઇ ઉતાવળ, અંગોને વધુ માદક બનાવે તેવા તારા પુજારીઓનો ઠઠારો, ગળુ ફાડીને આવતા બેસૂર અવાજો તેમજ તારી આસપાસ હૈયાને ગુંગળાવી નાંખે તેવા ધૂપના ગુંચળાઓ, ખરેખર, મારા વહાલા! મારા મનને એ બધું ચંચળ બનાવે છે.

ત્યાં વાતાવરણ જ એવું જામે છે કે આતમ નથી જાગતો અને મન નાચી ઉઠે છે.

અને તારી સામે જ્યાં હું આંખ માંડીને જોઉં છું ત્યારે તું નહિ પણ જાણે કોઇ સોને મઢેલો પથ્થર દેખાય છે. કરુણાથી છલકતા તારા મોંના બદલે મને કોઇ કોતરેલા પથ્થર પર રેલાઈ જતા સુગંધી પદાર્થો દેખાય છે. તારા હોઠની નિર્મળતા જોવા આંખ ઉંચી કરું છું ને ત્યાં મને માદક લાલી દેખાય છે.

---

આત્માનંદમાં તન્મય બની દિવ્ય આનંદ અનુભવશે.

અંતમાં દીપક એટલે અંધારું દૂર કરનાર તેજસ્વી હથિયાર. માનવ જીવનમાં મોહ, માયા, લોભ અને ક્રોધના આવરણથી જીવન અંધકારમય બને છે. આવા અંધકારમય જીવનમાં જીવન પંથીને સાચો રાહ દેખાતો નથી. તેની મતિ મૂંઝાય છે. આવા કટોકટીના સમયે જ્ઞાનદીપ તેને સાચો રાહ દેખાડે છે.

અંતમાં ગુરૂ એ તેજસ્વી દીવો છે. તે તમારા હૃદયમાં જામેલા મિથ્યાત્વરૂપ અંધકારને જ્ઞાનની જ્યોતિ ફેલાવી દૂર કરી શકે છે. તમોને સાચો માર્ગ બતાવે છે. તમોને ગુરૂ કૃપાથી સત્યદર્શન થાય છે. જીવન અનેક મુશ્કેલીઓ અને વિઘ્નોનો ભંડાર છે. આવા વિકટ જીવન માર્ગમાં સાચા ભોમિયાની જરૂર છે. એવા સાચા ગુરૂ તમારી જીવન રૂપી નૌકાને આ સંસાર રૂપી સાગરમાંથી તમારા જીવનના ધ્યેયને માર્ગે દોરી તમારા અંતિમ ધ્યેયે પહોંચવામાં મદદરૂપ થઇ પડે છે. આવા દીપકને મારા લાખ્ખો વંદન હજો.

★

સાચે જ મારા પ્રાણધન ! સાચે જ, તારું અસલ સ્વરૂપ મને ત્યાં નથી જોવા મળતું....!

નહિ તો હું તારા મંદિરનો રોજનો મુલાકાતી હતો. મને હતું કે એ રોજ રોજના તારા મિલન ને દર્શનથી મારું જીવન ધન્ય બનશે. મારું સંતપ્ત હૈયું કંઇક હળવું બનશે. મારો આતમરામ એથી જાગશે. પણ અફસોસ ...!

તારી અસર કરતાં મને ત્યાંના વાતાવરણની અસર વધારે કરે છે.

અને હું તો માટીનું બાળ માનવ છું. ચંચળ છું. નિર્બળ છું. હું તો તારી પાસે બળ માંગવા આવું છું.

પણ મારું દુર્બળ હૈયું તારા ભીતરને પામી શકે તે પહેલાં તો તારા મંદિરની પેલી શણગારેલી ઢીંગલીઓ, તારી સ્તવનાના એ આલાપ સૂરો અને વળી તેય પાછી આજની માદક સુરાવલીમાં આવતા એ લાંબા રાગડા. એ બધું જ....એ બધું જ પ્રલો ! મને તારાથી દૂર દૂર ખેંચી જાય છે.

હું આવું છું તો તારા ચરણોમાં બેસવા. બની શકે તો તારા પાદપદ્મ ચૂમવા. પણ હાય ! ફુલોના ગંજમાં એના પણ દર્શન દુર્લભ બને છે !!

અને હું ફરી પાછો સંસારમાં ગબડી પડું છું.

દેવતા ! મારા, હું તો તારા મંદિરને શાંતિ ને સાદાઇનું ધામ માનીને આવતો હતો. પણ મને હવે ત્યાં ઊંધું જ જોવા મળે છે !!!

આથી જ મારા વહાલા ! હવે હું તારા મંદિરે નથી આવવાનો.

તેથી તું દુભાય તો શું ?

—×—

(૨)

પૂજારી હરખાતો હરખાતો બહાર આવ્યો.

એ કહી રહ્યો હતો:–"આજ મેં ફુલોનો મોટો થાળ ચડાવ્યો. મોંઘામાં મોંઘા સુગંધ પેટાવ્યા. ઊંચામાં ઊંચું કેસર વાપર્યું અને શુદ્ધ ઘીના દીવા પ્રગટાવ્યા !! આજ મારી પૂજા ધન્ય બની ગઇ !!!

ત્યારે દેવ પાસે બેઠેલા એ સુગંધ ને સુવાસ અંદરોઅંદર કંઇ બોલી રહ્યાં'તાં.

ફુલ બોલતું હતું. "ઓ અભિમાની ! શાનું આટલું બધું ગુમાન કરે છે ? અમારો બલિ ધરીને તું ફુલાય છે ? જમીનમાં વરસો સુધી દટાઇને તપ તો મેં કર્યું છે. કાંટાઓની વચમાં પણ મેં મારું ચારિત્ર્ય અખંડ સાચવ્યું છે. મૂશળધાર વર્ષા ને બળતા બપોરમાં પણ મેં કયારેય ફરિયાદ નથી કરી. હીમની ઠંડીમાં પણ મેં મારી સુવાસ ગોદડામાં લપેટી નથી. એ સુવાસ ને સુગંધ, એ પરાગ ને પરીમલ એ તો મારા પરિશ્રમની મઘમઘતી ફોરમ છે."

"જિંદગી આખી સળગતી રાખીને મેં હવાને સુગંધી બનાવી છે. એમાં તેં શું કર્યું છે ?" ધૂપસળી વચમાં બોલી ઊઠી.

"અને મેં મારું ઘર છોડી સ્વજનોથી દૂર રહી, કડકડતા ઘીની અંદર ઊભા રહી, આગને મોંમાં રાખી આ મંદિરમાં અજવાળું કર્યું છે, અંધકારમાં પ્રકાશ વેર્યો છે. પામર માનવી ! તારું પોતાનું એ પૂજામાં શું છે કે તું આટલો બધો મલકાય છે ?" દીવાએ પણ સૂર પૂરાવ્યો.

"માનવ ! તારા આ આનંદ માટે મને

દયા આવે છે. કયા ઉમંગથી તું આટલો બધો ઊછળે છે ? ચાંદીના ચંદ ટૂકડાથી અમને ખરીદી, પછી અમને જ ભગવાનના ચરણે ધરી તું પૂજાની ધન્યતા માને છે ? મૂર્ખ ! ને ગુમાની ઓ પૂજારી ! એ તારી પૂજાનો અર્ધ્ય નથી. એ તો ગુલામીનું અર્પણ છે. અમે બધાએ અમારું જીવન ઘસી નાખ્યું છે. તમારી જાતના નિર્દય વર્તાવ છતાં અમે ક્યારેય ફરીયાદ નથી કરી અરે ! અમે એના બદલામાં કશું માંગ્યું પણ નથી. મૂંગા જન્મ્યા છીએ ને મૂંગા મૂંગા જ અમે આખું ય જીવતર ખર્ચી નાખીએ છીએ. ઓ ઘમંડી ! પૂજારી ! જરા એ તો બતાવ કે ભગવાનની પૂજામાં તારું પોતાનું સમર્પણ કેટલું છે ? ”

ઘસાઈ ગયેલું કેસર છેવટે બોલી ઊઠયું.

—x—

મને લોકો ધૂની કહે છે.

હા, તેમની વાત ખરી છે. ખરેખર હું ધૂની છું. મને ધૂન લાગી છે–સૌન્દર્ય જોવાની.

અને હું સૌન્દર્યની શોધમાં છું.

દિવસોના દિવસો મેં તેની શોધમાં ગાળ્યાં છે. રાતોની રાત જાગ્યો છું તેને પામવાને તો.

કુંકુમ વેરતી, હળવા પગલાં ભરતી, અને મલપતા હોઠે સહસ્રરશ્મિને વિદાય આપતી ઉષા મેં જોઈ છે. ધીંમ ધખતાં કર્મઠ તપસ્વી બપોરે મેં નીહાળ્યાં છે. પ્રિયતમના આગમનથી ઘેલી બનેલી અને આમથી તેમ હરખભેર દોડતી સલુણી સંધ્યા પણ મેં જોઈ છે. ગગન ગોખે મૂકેલા પેલા તારક દીવડાઓમાં ગરબો ઘૂમતો પણ મેં નીરખ્યો છે. ઘેલા કવિઓએ પેટ ભરીને વખાણ કરેલી પેલી રૂપેરી ઉન્માદી ચાંદનીમાં પણ અનેક રાતોએ સ્નાન કર્યાં છે.

ગીરીકંદરાઓમાં ઘૂમ્યો છું. વનનિકુંજોમાં ભટકયો છું. અફાટ મેદાનોમાં, રેતીના રણોમાં પણ રખડયો છું. અનંત ગીત ગાતા પેલા સાગરના કિનારા પર મેં કેટલાય કલાક બેઠો છું. નદીની નિર્ઝર વાણી પણ ભર પેટે પીધી છે. ફુલોની શૈયામાં પણ કૈંક રાતો ગાળી છે.

પ્રકૃતિના તમામ તત્ત્વોમાં હું સૌન્દર્ય શોધી વળ્યો છું. સૌન્દર્ય સામ્રાજ્ઞીઓનું સાહચર્ય પણ સેવી ચૂકયો છું.

પણ...જેવું હું શોધું છું, જે ધૂન માટે હું રઝળું છું તેવું સૌન્દર્ય મને કયાંય નથી જડયું.

કારણ હું આને સૌન્દર્ય માનું છું. જે મારા ચેતનને જગાડે, શરીરના હાડ–માંસને ધબકાવે તે સૌન્દર્યની શોધમાં હું નથી નીકળ્યો. હું તો શોધું છું આત્માને જાગૃત કરે તેવા સૌન્દર્યને.

આવી જ ધૂનમાં હું અહીંથી તહીં ભટકી રહ્યો હતો. શહેરના એક ગંદા વિસ્તારમાંથી હું પસાર થઈ રહ્યો હતો. કયાંય સુંદરતા ન હતી, સુવાસ ન હતી, સ્વચ્છતા ન હતી. ચારે બાજુ મલિનતા, ગંદવાડ અને દુર્ગંધનું સામ્રાજ્ય હતું.

ગટરના ગંદા નાળા આગળ એક અર્ધ નગ્ન સ્ત્રી પડખું વાળીને સૂતી હતી. એની બાજુમાં તાજુ જ જન્મેલું એક હસતું જીવંત ફુલ પડયું હતું. તેના નાજુક નાજુક હાથ ને પગ એ ઊછાળી રહ્યું હતું. જાણે ખીલતી, કૂમળી કળી હવાનૃત્ય કરતી હતી ! ! નવ

# શાસન સમાચાર

**સમી**—અષ્ટગ્રહયુતિશાન્તિ નિમિત્તે શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ સાહેબના સમુદાયના આજ્ઞાવર્તી સાધ્વીજી શ્રી અમૃતશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા મંજુલાશ્રીજીની સુપ્રેરણાથી ત્રણ દિવસ અઠ્ઠમ, આયંબિલ, એકાસણાના તપથી અખંડ નવકારમંત્રનો જાપ તથા પાર્શ્વનાથ ભગવંત તથા મુનિસુવ્રતસ્વામીનો જાપ તથા સિદ્ધચક્ર પૂજન કરવાનું નક્કી થતાં આચાર્યદેવ શાન્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી પધાર્યા. આ પ્રસંગે શ્રીમદ્ આચાર્યદેવ ભક્તિસૂરીશ્વરજીના શિષ્ય પન્યાસજી પ્રભાવિજય મહારાજ સાહેબ ઠાણા-૨ કચ્છમાંથી વિહાર કરી અત્રે પધારેલ અને તેમના આગમનથી ઉત્સાહમાં વધારો થયો અને તેમના ઉપદેશથી, આશરે ૫૭ અઠ્ઠમ, ૧૦ ઉપરાંત આયંબિલ અને બાળજીવોએ એકાસણાં કરી આરાધના કરી હતી. આરાધના સુંદર થઈ હતી. પંચકલ્યાણક પૂજા તથા સંઘમાં સ્વામિવાત્સલ્ય થયું હતું.

આચાર્ય મહારાજે ભાભર તરફ, પન્યાસજી મહારાજે શંખેશ્વર તરફ તથા સાધ્વીજી મહારાજ સાહેબે વિજાપુર તાલુકા તરફ વિહાર કર્યો છે.

ક્રિયા કરાવવા માટે રાજપુરથી નાથાલાલ સ્વચંદભાઈ તથા કડી જૈન બોર્ડીંગના ધાર્મિક માસ્તર શાહ દલપતલાલ ચીમનભાઈ પધારેલ હતા.

**ખંભાત**—પ્રસિદ્ધવક્તા પૂજ્યપાદ કુશલવિજયજી મ. શ્રીના દર રવિવારે જાહેર પ્રવચનો ગોઠવાય છે માનવમેદની ખીચોખીચ રહે છે. અષ્ટગ્રહયુતિશાન્તિનિમિત્તે પં. છબીલદાસ, પુંડરિક ચોકસી, ભદ્રિક કાપડીયા વિ. ની પ્રેરણાથી ત્રણ દિવસોમાં હજારો આયંબીલ તપ-જપ વિ. થયાં હતાં.

પૂ. આચાર્ય દેવેશ શ્રીમદ્ ઋદ્ધિસાગરસૂરિજી ઠાણાં ર પધાર્યાં છે. અને કાવી તરફ વિહાર કર્યો છે.

પૂ. પં. સુભદ્રસાગરજી ઠા-૨ પધાર્યા છે

---

જાત શિશુ તેના નાનકડા મોંથી પેલી સ્ત્રીના ગોરા સ્તન ચૂસી રહ્યું હતું. હળવી થપાટોથી એ તેના સ્તનને રમાડી રહ્યું હતું. અને પેલી સ્ત્રી તેને વારંવાર ચુમી ભરી રહી હતી.

હું બન્નેની લીલા જોઈને ઊભો રહી ગયો.

વરસોથી જેની શોધમાં હતો એ સૌંદર્ય હું જોઈ રહ્યો.

મારો આતમ હરખાઈ ઊઠયો. મારી ઊર્મિઓ સળવળી ઊઠી અને કોક તો બોલી બેઠી :–

ધાવતું બાળક ને ચુંબનો લેતી મા એ તો જગતનું અનુપમ સૌન્દર્ય છે........

—૦—

અને અભ્યાસાર્થે થોડો ટાઈમ સ્થિરતા કરશે.

વીશા ઓશવાળ જેવી શ્રાવિકા શાળાની બહેનોએ પણ તપ-જપ પૂજા પ્રભાવના વિશ્વશાન્તિ નિમિત્તે સુંદર કર્યાં હતાં.

બુદ્ધિપ્રભાના તંત્રી પં. છબીલદાસ પોતાના ગ્રુપ સાથે વિશ્વશાન્તિ આરાધના નિમિત્તે શાન્તિસ્નાનાદિ કરાવવા સીકંદરાબાદ, હૈદ્રાબાદ ગયા હતા.

**ધીણોજ**—નગરશેઠ શ્રી ચંદુલાલ જૈન, ચૂંટણી અંગે પ્રચાર કરવા લીંચ જતાં અકાલ અવસાનવશ થયા અને તેમની સાથે બીજા પાંચ ઘાયલ થયા છે.

**પાડગોલ** : પૂ. ખિમાવિજયજી મ.શ્રીની નિશ્રામાં શેઠ અંબાલાલ લલ્લુભાઈ તરફથી અષ્ટગ્રહયુતિ શાંતિ નિમિત્તક ત્રણ દિવસમાં આયંબીલ તપ જપ થયાં હતાં, ગામમાં નિયમિત વારા પ્રમાણે આયંબીલ કરાવવાનું શ્રીફળ પૂ. મહારાજશ્રીના ઉપદેશથી ફેરવવામાં આવે છે.

**મહેસાણા** : આચાર્યશ્રી કીર્તિસાગર સૂરીશ્વરજી આદિ અત્રે પધારતાં મુંબઈ વસતા ભાઈઓ તથા શ્રી મોહનલાલભાઈ વિ. નો કુંભારણમાં ચૈત્રી ઓળી કરાવવાનો ઘણો આગ્રહ હોવાથી આચાર્ય ભગવંતશ્રી આદિ અત્રેથી શ્રી મહુડી તીર્થ-વિજાપુર આદિ થઈ કુંભાસણ તરફ ચૈત્રમાસમાં પધારશે.

**સીકંદ્રાબાદ**: અષ્ટગ્રહયુતિ શાંતિ નિમિત્તે નવગ્રહપૂજન, અઢારઅભિષેક શાંતિસ્નાત્ર વિ. રાખવામાં આવેલ. સો વર્ષમાં પહેલવહેલો પ્રસંગ હોઈ સંઘના ભાઈઓનો ઘણો ઉત્સાહ હતો. ઘીની બોલી પણ ઘણી સારી થઈ.

પૂજા ભાવના વિ.માં ખંભાત નિવાસી શ્રી ઘનશ્યામભાઈ કનૈયાલાલ તથા મનહરભાઈએ ખૂબ ખુબ રસ જમાવ્યો હતો.

પં. છબીલદાસે દરેક વિધિ-વિધાનોની આરાધના સમજણ આપવા સાથે બહુ સુંદર રીતે કરાવી હતી. તેમને અભિનંદનપત્ર આપવા સંઘનો ઘણોજ આગ્રહ થતાં તેમણે એકજ વાત જણાવી કે તેવી પાત્રતા લાવવા માટે ભવો જોઈશે. અંતે તેમણે કહ્યું કે આવા પ્રસંગોથી મને તાવ આવે છે માટે મહેરબાની


પાલણપુર પાસે મલાણા ગામ આવેલું છે. જેમાં જૈનોનાં ફક્ત છ ઘરો છે. અત્રે દહેરાસરનો જીર્ણોદ્ધાર થઈ રહેલો છે, પૈસાના અભાવે કામ અટકયું છે.

૨૦૦૦) અમારા ગામનો ફાળો.
૧૦૦૧) શ્રી ગોડી પાર્શ્વનાથ. મુંબઈ
૨૫૧) શ્રી અનંતનાથ દહેરાસર મુંબઈ
૩૦૦૦) આણંદજી કલ્યાણજી પેઢી અમદાવાદ
૨૦૦૦) આજુબાજુના ગામડાની ટીપ
૧૧૦૭) અમદાવાદ ઉપાશ્રયો તરફથી
૧૫૦૦ આચાર્ય કીર્તિસાગરસૂરિજીના ઉપદેશથી ગઢ, પાલણપુર, ખોડલા, કુંભાસણ, ટાકરવાડા, કલાણા, પાટણ, ચાણસ, પેપર અને ધીણોજના દહેરાસરમાંથી.

**નાના ગામડામાં આપનો હાથ લંબાવો**

હજુ રૂ. ૬૦૦૦ થી ૮૦૦૦ની આશરે જરૂર છે.

વહીવટ કરનારાઓ પોતાનું સમજી સહકાર આપે

**શાહ ગગલભાઈ જીવરામ**
તા. પાલણપુર (બનાસકાંઠા)
મુ. પો. મલાણા

રાખો જેથી સંઘે માન્ય કરેલ શ્રી. સંઘ બસો-દ્વારા કુલપાકજી તીર્થ પધાર્યો. ત્યાં પૂજા ભાવના વિ.માં સંઘનો ઘણો ઉત્સાહ હતો. એકંદર ઉત્સવ બીજાં અનેક કાર્યો માટે પણ ઘણો ઉપયોગી થયો છે. અને સંઘમાં ઐક્યતા પથરાઇ છે.

**મોટી ખાખર** (કચ્છ): શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય પૂ. મુનિશ્રી બાલચંદ્રજી મહારાજ સાહેબ તથા પ્રવૃત્તિની સાધ્વીજી શ્રી ખાંતિ-શ્રીજીની પ્રેરણાથી ત્રણ દિવસોમાં વિશ્વશાંતિ નિમિતે શા શામજીભાઇ નેણશીના બંગલે નવકાર મંત્રનો સવાએકાવન હજાર જાપ તથા શ્રી મુનિસુવ્રત સ્વામિનો સવાસાત લાખ જાપ, આયંબિલ, ઉપવાસ તપની સાથે સામુદાયિક કરવામાં આવેલ હતો.

ત્રણે દિવસ આયંબિલનું રસોડું શા કેશવજીભાઈ વીરજી તરફથી ચાલુ રાખેલ. આયંબિલ ત્રણ દિવસમાં ૧૬૫ થયેલ. દરરોજ મોટી પુજાઓ ભણાવાતી હતી.

અહીં મહા શુદ તેરસ ને શનીવાર તા. ૧૭-૨-૧૨નાં બે કુમારીકાઓની દીક્ષા થશે, તેની તૈયારીઓ ચાલી રહેલી છે. દીક્ષા, પુજ્ય શ્રી બાલચંદ્રજી મા સાહેબનાં વરદ હસ્તે થશે.

**વાસદ**–અત્રે અષ્ટાહ્નિકા નિમિત્તે નીચે મુજબ આરાધના થઇ હતી. ૧૦૮ આયંબિલ ૧૧ દિવસ પૂજાઓ તથા દરરોજ સવારમાં સ્નાત્ર તેમજ જાપ વિગેરે સારા પ્રમાણમાં થયું હતું.

**અમદાવાદથી–પાદરા**–બાલબ્રહ્મચારિણી, કુમારી નીરૂબેન શાંતિલાલની દીક્ષા નિમિતે પૂજ્યપાદ, પ્રશાન્તમૂર્તિ, તપોનિધિ, આગમપ્રજ્ઞ, આચાર્ય મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીઋદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણા ૨ પાદરા જૈન સંઘની અતિ આગ્રહ ભરી વિનંતિને માન આપીને અમદાવાદથી વિહાર કરી, માર્ગમાં આવતા ગામોમાં સ્થિરતા દરમ્યાન તે તે ગામના લોકોને ખુબ ખુબ સદુપદેશામૃત પાન કરાવી અનેકોને ધર્મમાં જોડી, ખંભાત, કાવી, ગંધાર આદિ પ્રાચીન, દર્શનીય, વંદનીય, પૂજનીય, તીર્થસ્થ ભગવત્પ્રતિમાઓના દર્શન કરી પાદરા પધાર્યા છે. પૂજ્ય પ્રશાંતમૂર્તિ, તપસ્વી, પંન્યાસ-પ્રવર શ્રી મહોદયસાગરજી મ૦ સા૦ તથા પૂજ્ય. મુનિરાજ શ્રી દુર્લભસાગરજી મ.


**સમાલોચના:–નયગોચરં ભ્રમનિવારણમ્**

લે. આચાર્યદેવ શ્રીમદ્વિજય લાવણ્ય-સૂરીશ્વરજી મ. સાહેબ

પ્ર. શ્રી જ્ઞાનોપાસક સમિતિ, બોટાદ.

કિં. વ. પંડિતજી શ્રી હસુખભાઇ માલવણીયા

ક્રાઉન ૧૬ પેજી સાઇઝની ૨૦ પેજની પુસ્તિકા નયવિષયમાં વાંચવી, વિચારવી અતિ આવશ્યક છે.

મહાવીર જૈન સ્તવનમાળા

ક્રાઉન ૧૬ પેજી ૧૨ ફરમાનું પુસ્તક

પ્રકાશક–ચંદુલાલ જેઠાલાલ ખંભાતવાળા

૭૧/૭૩ ચકલા સ્ટ્રીટ, ગાંધી ભુવન, પાંચમે માળે, મુંબઈ–૩

પચીસમી આવૃત્તિ તરીકે બહાર પડયું છે. જેમાં સ્નાત્રપૂજા, ચૈત્યવંદનો, સ્તવનો, સજ્ઝાયો છંદો, નવસ્મરણ, અનાનુપૂર્વી, શ્રી પાર્શ્વનાથયંત્ર, શ્રી ઘંટાકર્ણ મહાવીર પૂજા વિ. સારો સંગ્રહ કરવામાં આવ્યો છે.

સાહેબને પણ અત્યુત્તમ પ્રસંગ ઉપર પાદરા પધારવા માટે અતિ આગ્રહ ભરી વિનંતિ દીક્ષાભિલાષિણી બહેનના વડિલો તરફથી કરવામાં આવી હતી. તેમની આગ્રહભરી વિનંતિને માન આપીને પૂ૦ પંન્યાસજી મહોદયસાગરજી મ૦ સા૦ તથા પુ૦ મુનિરાજશ્રી દુર્લભસાગરજી મ૦ સા૦ પણ પાદરા પધાર્યા છે.

સાણંદ—પરમપૂજ્ય વિદુષી વયોવૃદ્ધ તપસ્વી સાધ્વીજી શ્રી મનહરશ્રીજી મહારાજના સદુપદેશથી શ્રી પદ્મપ્રભુજી ભગવાનના દેરાસરે ગ્રહશાંતિ નિમિત્તે નીચે મુજબનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો.

પોસ વદી ૧૪ સવારમાં આઠ વાગતાં કુંભસ્થાપન સમુહસ્નાત્ર તથા જાપ. બપોરના એક વાગે નવગ્રહ પાટલાનું પૂજન.

પોસ વદી ૦)) સવારમાં સ્નાત્ર તથા જાપ.

મહા સુદી ૧, સવારમાં સમુહ સ્નાત્ર તથા જાપ. બપોરના શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિકૃત. શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા.

ત્રણે દીવસ આરાધક ભાઈઓ તથા બહેનોએ શ્રી મુનિસુવ્રત સ્વામીનો જાપ. દરરોજ એક લાખ મુજબ તથા શ્રી નવકાર મંત્રનો અખંડ જાપ ચાલુ રાખવામાં આવેલ હતો, તપસ્યાઓ અઠ્ઠમ આંબિલ તથા એકાસણાથી જાપ થતો હતો.


શ્રી વર્ધમાન (વરમાણ) તીર્થે અવશ્ય પધારો.

શ્રી જીરાવલા નજીક આવેલું છે. પ્રથમ અત્રે બ્રહ્મપુરી નગરી હતી. અત્રે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની આબેહુબ, જોતાં જ મન ઠરી જાય, એવી મૂર્તિનાં દર્શન કરી અવશ્ય આત્માને પવિત્ર બનાવો.

આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહેલ છે. ઉપાશ્રય તથા ધર્મશાળાની પણ જરૂર છે, તો વહીવટદારો તથા શ્રાવિક-શ્રાવિકાઓ પોતાના ધનને અવશ્ય સફળ કરે. સાધુ સાધ્વીઓ પણ અવશ્ય ઉપદેશ કરી તીર્થોદ્ધારમાં સહાય કરે.

રકમ ભરવાનું સ્થળ

To, શ્રી વર્ધમાન (વરમાણ) તીર્થ
C/o. શ્રીરૂપચંદભાઈ ખુમાજીભાઈ
ઠે. બજાર, તા. રેવદર
વા. આબુરોડ, (રાજસ્થાન)
મુ. મંડાર.



બહારગામના માનદ્ પ્રચારકો તેમજ ગ્રાહક સભ્યોને લવાજમ રકમો ભરપાઈ કરવા માટેનું સ્થળ

શા. રમણલાલ મણીલાલ સાણંદવાળા
C/o. શ્રી આત્મારામ નથુભાઈ
માણેકચોક — અમદાવાદ

અમારા નૂતન માનદ્ પ્રચારક સભ્યો

શ્રી સુમતિલાલ નાથાલાલ (મહુડીવાળા)
ઘાંચીની પોળમાં, અમદાવાદ.

શ્રી અરવિંદકુમાર ચીમનલાલ શાહ
૧૫૨૩/૪ નાની વાસણશેરી, સરસપુર

શા. વાડીલાલભાઈ (બોટાદવાળા)
C/o. શા. છગનલાલ ચતુરભાઈ
લાતીબજાર, ધંધુકા (જી. અમદાવાદ)

શ્રી પન્નાલાલ કેશવલાલ દોશી
૪૫૧, બુધવાર પેઠ,
પુનીસીટી (મહારાષ્ટ્ર)

માસ્તર રજનીકાન્તભાઈ
શ્રી લોદરા જૈનપાઠશાળા,
લોદરા (ઉ. ગુ)

વકીલ ફતેહચંદ કચરાભાઈ
જુનાડીસા (જી. બનાસકાંઠા)

**પૂજ્યપાદ, પ્રશાંતમૂર્તિ, આ. શ્રી. કીર્તિસાગરસૂરીશ્વરજી. મ. સા. તથા મુનિરાજ શ્રી ત્રીલોકસાગરજી મહારાજ સાહેબના સદુપદેશથી.**

**વેડંચા**

૫૧=૫૦ શ્રી વેડંચા જૈન સંઘ. જ્ઞાન ખાતામાંથી
૨૫=૦ સંઘવી લહેરચંદ મંગળજી
૨૧=૦ શેઠ ત્રીભોવનદાસ ઉમેદચંદ
૨૧=૦ શા. ગગલભાઈ દલછાભાઈ
૨૧=૦ વણિ. મંછાલાલ ભાઈચંદ
૧૫=૦ શા. ચંદુલાલ ત્રીભોવનદાસ
૧૧=૦ દોશી નાથાલાલ ગુલાબચંદ
૧૧=૦ વણિ. ચેલાભાઈ ભીખાભાઈ
૧૧=૦ મોદી ધુડાલાલ જસવીરભાઈ
૧૦=૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી હ; કેશવલાલ ત્રીભોવનદાસ
૬=૦ જ્ઞાનખાતેથી કે–રવચંદ
૫=૦ ગંગાબેન ગદવાળા
૫=૦ સોની ચીમનલાલ ઈશ્વરલાલ
૫=૦ જમનાબેન તરફથી
૧=૫૦ જ્ઞાનખાતેથી શ્રી કેશવલાલ ભાઈના.

**વેડંચા** (વાર્ષિક)

શેઠ દીલીપકુમાર કેશવલાલની કુ.
શા. ચંદુલાલ ત્રીભોવનદાસ
વણિ. ચેલાભાઈ ભીખાભાઈ
શા. ગગલભાઈ દલછાભાઈ
સંઘવી. કેશવલાલ રવચંદ
સોની ચીમનલાલ ઈશ્વરલાલ
દોશી નાથાલાલ ગુલાબચંદ
વણિ. મંછાલાલ ભાઈચંદ

**પૂ. પંન્યાસ પ્રવર શ્રી મહોદયસાગરજી ગણિવર્યના સદુપદેશથી, શા. પ્રેમચંદ શીવચંદભાઈના સહકારથી**

**સમી.** (પંચવાર્ષિક)

શા. ભીખાલાલ હાથીચંદ (નાયકાવાળા)
શા. પનાલાલ પરભુદાસ
શા. પરભુદાસ ટોકરશીભાઈ
શા. કાંતિલાલ નથુચંદ વડેચા
શા. કાંતિલાલ ઉત્તમચંદ
શા. નરોત્તમદાસ ચુનીલાલ
શા. ચુનીલાલ પોપટલાલ વડેચા
શા. ખેંગારશી ડાહ્યાચંદ
શ્રી જૈન સંઘ હા. શા. દેવસીભાઈ ભૂધરભાઈ વડેચા.

**જમણપુર** (પંચવાર્ષિક)

શા. રસિકલાલ તલકચંદ

**નાયકા** (પંચવાર્ષિક)

શા. બાપુલાલ હાલચંદ
શા. બચુભાઈ ચીમનલાલ
શા. જમનાદાસ સવચંદ
શા. મુક્તિલાલ નેમચંદ
શા. રતિલાલ કાળીદાસ

**દુદખા** (પંચવાર્ષિક)

શા. સોમચંદ મોહનલાલ
શા. ચીમનલાલ રતનશીભાઈ
શા. જયંતિલાલ વાડીલાલ

**હારીજ** (પંચવાર્ષિક)

વકીલ અમૃતલાલ મણીલાલ

**બોરતવાડા** (પંચવાર્ષિક)

શા. પુનમચંદ ડાહ્યાલાલ

**માનવંતા માનદ્ પ્રચારક શ્રી ચીમનલાલ રતનચંદભાઈ સાંડસાની શુભ પ્રેરણા સહકારથી**

**નવા ડીસા** (પંચવાર્ષિક)

શા. જયંતિલાલ અમૃતલાલ
શા. મોહનલાલ ન્યાલચંદ
શા. શાંતિલાલ વરધીચંદજી
શા. ચંદુલાલ થેલાભાઈ

**જુના ડીસા** (પંચવાર્ષિક)

શા. પોપટલાલ અમરચંદ

**નેસડા** (પંચવાર્ષિક)

શા. કાલીદાસ ઓખાભાઈ

**નવા ડીસા** (ત્રિવાર્ષિક)

શા. મફતલાલ ચુનીલાલ

**વાવ** (વાર્ષિક)

દોશી હરજીવનદાસ કેવળદાસ
શેઠ કાલીદાસ ફકલભાઈ
મહેતા છોટાલાલ મણીલાલ
શ્રી જૈન મૂર્તિપૂજક સંઘ

**જેલાણા** (વાર્ષિક)

શા. રમણલાલ પોપટલાલ

**નેસડા** (વાર્ષિક)

શા. ખુશાલદાસ નાનચંદભાઈ વીરવાડીયા

**શ્રી ઘંટાકર્ણ–મહાવીરની પેઢી શ્રી–મહુડીતીર્થ મુનીમજી. શા. ચીમનલાલભાઈની શુભપ્રેરણા સહકારથી**

**રૂપાલ** (દ્વિવાર્ષિક)

શા. રમણલાલ મંગળદાસ

**મુંબઈ** (વાર્ષિક)

શા. મોતીલાલ નગીનદાસ મણીયાર
શા. બાબુલાલ ભોગીલાલ
શ્રી એમ–એ–પારેખ **મલાડ**
શા. મનસુખલાલ વ્રજલાલ **માટુંગા**
શા. પ્રેમચંદ દાકરસીભાઈ **શાંતાક્રુઝ**
શા. રતિલાલ રાયચંદ ચીતલીયા.
શા. મનુભાઈ નાથાલાલ વખારીયા.

**હિંમતનગર** (વાર્ષિક)

વોરા. મણિલાલ જેસીંગભાઈ

**મેતા** (વાર્ષિક)

શા. રમણીકલાલ મોહનલાલ

**ઇસલામપુર** (વાર્ષિક)

મેસર્સ. મોહનલાલ જીવરાજ

**સરદારપુર** (વાર્ષિક)

શા. ચીમનલાલ ત્રીભોવનદાસ

જામનગર (વાર્ષિક)
શા. જગજીવનદાસ ઝવેરચંદ ઝવેરી

રતલામ (વાર્ષિક)
શા. રાજમલજી કેસરીમલજી તાતેડ

પુનાસીટી (વાર્ષિક)
શ્રી લીલાબાઈ કેસરીચંદ

પાટણ (વાર્ષિક)
શા. જયંતિલાલ માણેકલાલ

વડોદરા (વાર્ષિક)
શા. રંગીલદાસ છગનલાલ

અમરાવતી (વાર્ષિક)
શા. અમૃતલાલ મણીલાલ

ગઢબોરીયાદ (વાર્ષિક)
શા. ઓચ્છવલાલ છગનલાલ

અમદાવાદ (વાર્ષિક)
શા. વસંતલાલ બેચરદાસ
શા. લાલભાઈ મંજરલાલ
શા. રમણલાલ પુંજાલાલ
શા. ચુનીલાલ છગનલાલ
શા. ફૂલચંદ ત્રીભોવનદાસ

વલસાડ (વાર્ષિક)
શા. ધીરજલાલ સોમચંદભાઈ
શા. પ્રવીણચંદ્ર બાબુભાઈ

વડાવળી (વાર્ષિક)
શા. ગોવિંદજી મોહનલાલ
શા. કેશવલાલ સંઘજી

## સાભાર—સ્વીકાર

૧૫૧) પંન્યાસશ્રી મહોદય-સાગરજીના સદુપદેશથી શ્રી કાંતિલાલ ચુનીલાલના ધર્મપત્ની વિધવા લીલાબેન ખુલાખીદાસની દીક્ષા પ્રસંગે ભેટ. મહેસાણા

૧૦૧) શ્રી સંઘ જ્ઞાનખાતામાંથી ચાણસ્મા

૨૨) સાધ્વીજીશ્રી રતીશ્રીજીના સદુપદેશથી પાટણ, જહાખાના

---

Statement about ownership and other particulars about nrewspaper (Buddhiprabha) to te published in the first iesue every year after last day of February.

**FORM IV**

(See Rule 8)

| | |
|---|---|
| 1. Place of Publication | Buddhiprabha Karyalaya<br>Gandhi Chowk Sanand Dist. Ahmedabad |
| 2. Periodicity of its publication | Monthly. |
| 3. Printer's Name | Dalsukhbhai Govindji Mehta |
| Nationlity : | Indian. |
| Address : | Gandhi Chowk Sanand |
| 4. Publisher's neme | Dalsukhbhai Govindji Mehta |
| Nationlity : | Indian |
| Address : | Gandhi Chowk, Sanand |
| 5. Editor's Name | Pandit Chhablldas Kesarichand |
| Notionlity : | Indian |
| Address : | Dada Saheb's Pole, Cambay |
| 6. Name and Address : of individuals who own the newspaper and partners or Share holders holdig more than one per cent of the total capital. | Dalsukhbhai Govindji Mehta<br>Gandhi Chowk, Sanand.<br>Dalsukhbhai G. Mehta |

I, Dalsukhbhai Govindji Mehta, hereby declare that the particulars givan above are true to the best of my knowledge and belief.

**Dalsukhbhai G. Mehta**
Signature of the Publisher.

Dated 27th February 1962


જૈન સમાજે ખાસ અપનાવેલી........
એમ.એમ.ખંભાતવાળાની
મનોહર
અગરવાટ
સુખડ,બરાસ,કેસર,
કસ્તુરી વી.સુગંધિયુક્ત
વનસ્પતિઓમાંથી
બનાવેલી હોવાથી
વાતાવરણ શુધ્ધ,પવિત્ર
અને સુગંધિત બનાવે છે.
મનોહર અગરવાટ
નિર્માતા:
એમ.એમ.ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ ૧.
ફોન ૫૧૮૦૨ ગ્રામ:'લોમા'
B SHAH



સ્વ. પરસનબેન ગીરધરલાલ

ઈડ્રાડા નિવાસી પરમભાવનાશીલ, ધર્મસંસ્કારી, અનન્ય ગુરૂભક્તાવર્ય શેઠશ્રી ચીમનલાલ જેચંદભાઈ તરફથી તેઓશ્રીના સ્વ. પૂ. માતુશ્રી પરસનબેન ગીરધરલાલના સ્મરણાર્થે રૂા. ૧૦૧) શ્રી બુદ્ધિપ્રભાના પ્રકાશન કાર્યમાં સહકાર આપેલ છે, તેઓશ્રીની ગુરૂભક્તિ અને જ્ઞાનસેવાનું અમો અભિવાદન કરીએ છીએ.

તંત્રીઓ


## જૈન આયુર્વેદિક ફાર્મસીની ખાસ બનાવટો

૧ મસા
૨ કેન્સર
૩ ભગંદર
૪ એપેન્ડીસાઇટસના સ્પેશ્યાલીસ્ટ.

સુવર્ણ વસંતમાલતી,, અબરક ભસ્[મ] મોતીભસ્મ. લોહભસ્મ, બંગભસ્[મ] ચંદ્રોદય, ચંદ્રપ્રભા, મહાયોગરાજ ગુગળ, કેશરીજીવન, ચ્યવનપ્રાશ આદિ આયુર્વેદિક દવાઓ છુટક તથા જથ્થાબંધ વેચાય છે.

આયુર્વેદાચાર્ય
**ડૉ. ચંદુલાલ મગનલાલ રાજવૈદ્ય**

| ૧ સ્થળ-હેડ ઓફીસ | સમય |
|---|---|
| કાલુપુર રોડ, ટંકશાળના નાકે, | સવારના ૯ થી ૧૨ સુધી |
| ૨ બ્રાન્ચ | |
| કાલુપુર રોડ, હનુમાનના મંદિરના મેડા ઉપર | સાંજના ૪ થી ૬ સુધી |

શ્રી અષ્ટોત્તરી, શાન્તિસ્નાત્ર, અંજનશલાકા પ્રતિષ્ઠાદિ, સિધ્ધચક્રમહાપૂજનવિધિ ક્રિયાકારક પણ તેઓ છે.

મુંબઈ ડીસ્ટ્રીકટના
( ઓનરરી એજન્ટ )
શ્રી રતિલાલભાઈ હ. શાહ
ઠે. ડોકટર ચાલ, આરે રોડ, ગોરેગાંવ (વેસ્ટ)
મુંબઈ-૬૨

# ત્યારે આર્યોનો અભ્યુદય સૂર્યની પેઠે ઝળહળશે....

કેળવણી વધવા માંડી, દેશ પરદેશના રીત રીવાજોનું જ્ઞાન વધવા માંડયું. હુન્નરનું જ્ઞાન વધવા માંડયું. પણ નીતિ, ચારિત્ર્યબળ, ઘટવા લાગ્યું છે. વિશ્વાસઘાત કરનારાઓ ઘણા પ્રગટવા લાગ્યા છે. નીતિના વિચારો બોલનારા ઘણા દેખાય છે. પણ નીતિને આચારમાં મૂકી બતાવનારા તો સોમાં એક નીકળી આવે તો આશ્ચર્યની વાત જેવું થઇ પડયું છે, દીલને લઈ દીલનો ઘાત કરવો એ તો મોટી હુશિયારી થઈ પડી છે. પરસ્પર એકબીજાની નિંદા કરવી એ તો શાકભાજી જેવું, જૈનો અને ઇતર પ્રજામાં ગણાય છે. સત્ય એ તો મોટા દેવના દર્શનની પેઠે દુર્લભ ચીજ થઈ પડી છે. એક બીજાનું ઈર્ષ્યા કરીને થાપવું અને ઉત્થાપવું અને આવી અવળી ગમે તેની આળ દેવાની વાતો કરવી એ તો દરરોજના ધંધા જેવું થઈ પડયું છે, પરની ઉત્કર્ષતાને સહન કરનારા તો વિરલા માલુમ પડે છે. કોઇને કોઈ રીતે પાડીને પોતે આગળ ચડી જવું એવું બોલનારાઓ ઉસ્તાદ ને મુત્સદ્દી ગણાય છે.

આર્યાવર્તની પડતીનું મૂળ કારણ દુર્ગુણો છે. જે વખતે જે દેશમાં દુર્ગુણો વધી જાય છે તે વખતે તે દેશની પડતી હોય છે. ધાર્મિક સંસ્થાઓમાં ને નાતોમાં જે લુચ્ચો કાવાદાવા કરનાર અને ઉંધુંચિતું કરનાર હોય છે. તે આગેવાન થાય છે. સાધુઓમાં પણ જે કાવાકાવા કરનાર અને ઘટાટોપ કરનાર હોય છે, તે આગેવાન ગણાય છે.

મોજશોખમાં જેટલું ધન પૈસાદારો ખર્ચે છે તેટલું ધન દાન વગેરે ભલા કાર્યોમાં ખર્ચી શકતા નથી, વિનય અને ભક્તિના માર્ગ ઘટવા લાગ્યા છે, લોકોમાં ગંભીરતા ઓછી થવા લાગી છે, ઉછાંછળાપણું વધવા લાગ્યું છે. એક એકની શેહમાં દબાઈ જઇને લોકો સત્યને મારી નાંખે છે, એવી આર્યાવર્તની દશા હાલ તો દેખાય છે, રજોગુણ અને તમોગુણ તરફ દુનિયાનો ઘણો ભાગ ઘસડાતો જાય છે, ધર્મમાં બંધાઈ રહેવાથી દેશની પડતી થાય છે અને આગળ વધાતું નથી, એવા કેટલાક મનુષ્યોના વિચારો બહાર આવવા લાગ્યા છે.

બ્રહ્મચર્ય અને સત્ય તરફ લોકોનું લક્ષ ખેંચાશે ત્યારે ઉદય થશે. પ્રમાણિકપણું એ પ્રાણના કરતાં અત્યંત વહાલું ગણાશે ત્યારે જૈનો વગેરે સર્વની ઉન્નતિ થશે. બોલ્યા પ્રમાણે અથવા પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે વર્તવું એ વાતને પ્રાણ કરતાં પ્યારી માનવામાં આવશે ત્યારે લોકોની પાસે અભ્યુદય દેવતા આવીને ખડો થશે.

**શુદ્ધ પ્રેમ, સત્કાર, ભક્તિ, દયા, સર્વપર-સમાનભાવ એ આર્યોના આર્ય-દેવતાઓ થાય છે. તેની આર્યો પૂજા કરશે ત્યારે આર્યોનો ઉદય સૂર્યની પેઠે ઝળહળશે. આ તરફ આર્યાવર્તનું ધ્યાન ખેંચાઓ ?...**

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી.**

આ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

આ માસિક શાન્તિલાલ વાડીલાલ શાહે, 'મનોરથ પ્રિન્ટરી, કાલુપુર, ટંકશાળ, અમદાવાદમાં છાપ્યું અને તેના પ્રકાશક બુદ્ધિપ્રભા સંરક્ષક મંડળ વતી દલસુખભાઇ ગોવિંદજી મહેતાએ સાણંદથી પ્રગટ કર્યું.